મેનકાઈન્ડ માસિકના
અવારનવારના નિબંધો, મણકો : ૯

# સરસ્વતી ચંદ્ર : એક પુનર્મુલ્યાંકન

COMPLIMENTARY COPY
FOR REVIEW

વિનાયક પુરોહિત

પ્રકાશક :
૫, હંસાલી, દામલે પથ,
લો કોલેજ રોડની વાટે,
પુણે - ૪૧૧ ૦૦૪.
ફોન : ૨૫૪૬ ૬૫૫૭

જૂન ૨૦૦૭
કિંમત : રૂ. ૩૦

મેનકાઈન્ડ માસિકના અવારનવારના નિબંધો : ૯

સરસ્વતીચંદ્ર : એક પુનર્મુલ્યાંકન

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ગોવર્ધનરામના ગુણગાન | ૧ |
| ૨. | સરસ્વતીચંદ્રના ગુણગાન | ૨ |
| ૩. | વસ્તુસંકલનાની ક્ષતિઓ | ૩ |
| ૪. | પાત્રોની ઉમ્મર | ૪ |
| ૫. | ભૌગોલિક ગોટાળા | ૭ |
| ૬. | વિચિત્ર પ્રસંગો | ૮ |
| ૭. | અર્થસંબંધી ગૂંચવાડા | ૯ |
| ૮. | કઠપુતળીના રમકડાં | ૧૦ |
| ૯. | રડતાં પાત્રો | ૧૧ |
| ૧૦. | રૂદનના કારણો | ૧૧ |
| ૧૧. | બધા જ કવિપાત્રો | ૧૩ |
| ૧૨. | બેભાન પાત્રો | ૧૩ |
| ૧૩. | મુનશી અને રમણલાલને વારસો | ૧૪ |
| ૧૪. | ભાંગવાડીનું નાટક | ૧૪ |
| ૧૫. | સ્ટંટ બોલપટ | ૧૫ |
| ૧૬. | અતિ-સરળ પાત્રો | ૧૬ |
| ૧૭. | સંસ્કૃતની અસર | ૧૭ |
| ૧૮. | રાજકારણ અને કલ્યાણ ગ્રામ | ૧૭ |
| ૧૯. | ઉપસંહાર | ૧૮ |



ડિટીપી :
અભીજીત ગ્રાફિક્સ,
૫૯૭, નારાયણ પેઠ, પૂના - ૩૦.

પ્રિંટીગ :
શ્રી નાકોડા પ્રિંટર્સ,
૫૯૭, નારાયણ પેઠ, પૂના - ૩૦, ફોન : ૨૪૪૮૫૮૯૯

# સરસ્વતીચંદ્ર – એક પુનર્મૂલ્યાંકન


## વિનાયક પુરોહિત


સ્વર્ગસ્થ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની વિશાળકાય નવલકથાના પુનર્મૂલ્યાંકનનું કાર્ય અસાધારણ વિટંબણાઓમાં ગૂંચવાયેલું દે. સાહિત્યના ક્ષેત્રથી વેગળા એવા કૈંક વિચારો, લાગણીઓ અને માન્યતાઓ સરસ્વતીચંદ્ર સાથે સંકળાયેલાં છે.

ગુજરાતી સાહિત્યમાં અને સમાજમાં બન્નેમાં આ નવલ અદ્વિતીય મોભો પામી છે. લોકપ્રિયતાની દષ્ટિએ વિચાર કરતાં, આવૃત્તિઓ અને પ્રતોની સંખ્યા જોતાં, પ્રત્યેક પ્રતના વાંચકોનો અડસટ્ટો કાઢતાં, ગુજરાતમાં અક્ષરજ્ઞાનની અને સાથે વાંચનશોખની મર્યાદા ધ્યાનમાં રાખતાં, ગોવર્ધનરામના જીવનની સિદ્ધિરૂપ આ કૃતિ પહેલી દ્રષ્ટિએ વિવેચકને મોહાંધ કરી નાખે તેવી છે. છેલ્લાં લગભગ એંસી વર્ષમાં ચાર ભાગ મળીને લગભગ એક લાખ પચીસ હજાર નકલો તેની વેચાઈ છે – એટલે કે રોજની ત્રણ/ચાર નકલો કેટલાંયે વર્ષોથી ગુજરાતી વાંચક ઉપાડતો આવ્યો છે. આજના અમેરિકન 'બેસ્ટ સેલર' ના જમાનામાં આ આંકડો ચમત્કારિક નહિ લાગે, પણ સ્થળ અને સમયનો ખ્યાલ કરતાં 'સરસ્વતીચંદ્ર' આપણા સાહિત્યમાં અજોડ લોકપ્રિયતા મેળવી શકી છે તે બાબતમાં બે મતને સ્થાન જ નથી.

## ગોવર્ધનરામનાં ગુણગાન

આ સંખ્યાના પ્રભાવની જો સીધી અસર ન થાય તો કર્તાના ગુણગાનની તો થવાની જ. રણજિતરામ વાવાભાઈ મહેતાના સમયથી માંડીને આજ દિવસ સુધી લેખકના એકધારા, સતત, અવિરત વખાણો થતાં આવ્યાં છે. 'ગોવર્ધનરામ કવિ, નવલકથાકાર, નાટચકાર, ઈતિહાસકાર, સંસારશાસ્ત્રી, પર્યેષક, ધર્મચિંતક, નીતિશાસ્ત્રી છે,' એમ ર. વા. મહેતા લખી ગયા. આટલા બધા ગોવર્ધનરામની સામે થવું તે એકલા વિવેચક માટે આંધળિયાં કરવા જેવું થાય છે.

''લેખક તરીકે ગોવર્ધનરામ બત્રીસ વર્ષની વયે પ્રગટ થયા એ કાંઈક અસાધારણ હકીકત છે. તેમનો મહાન બુદ્ધિપ્રભાવ, તેમનું વિસ્તારી વાંચન, તેમની વિદ્વત્તા, તેમની પ્રબળ કલ્પના, એ સર્વનો સંચય ઘણો વહેલો ફળવાન કેમ નહિ થયો ?'' એ પ્રશ્ન રમણભાઈ મ. નીલકંઠ પૂછે છે અને આજનો

વિવેચક પ્રશ્ન સાંભળતાં જ દિગ્મૂઢ થઈ જાય તો નવાઈ શી ? ''સ્વજનની, સ્વદેશની અને માનવકુલની સેવામાં પોતા જીવન અર્પણ કરનાર મહાપુરુષ'' એવી ઓળખાણ ઉત્તમલાલ કેશવ ત્રિવેદી આપે છે અને વિવેચકને તેની સામાન્યતાની ફરી યાદ કરાવે છે.

ગોવર્ધનરામના પંચજૂટ જટાકલાપમાં અટવાઈ ગયેલી વસ્તુગૂંથણીની ભૂલોને ગૌણ ગણીને, ''લીલાવતી જીવનકલા'' ના જેવી નજીવી કૃતિનાં ભારોભાર વખાણ કરીને બળવંતરાય ઠાકોરે ભવિષ્યની પેઢી પરનો બોજો વધારી દીધો છે. સુન્દરમ્‌ને ગોવર્ધનરામની કાવ્યશક્તિની ઉણપો દેખાયા વગર નથી રહી, પણ તેઓ સંભાળીને પગલાં ભરતાં જણાય છે. ''સ્નેહમુદ્રા'' વિશે તેમણે લખ્યું છે કે ગ્રંથમાં કલારૂપ કશી દ્રઢતા નથી.'' અને પછી સાકરનો પાશ ચડાવતાં ઉમેરે છે. ''ગોવર્ધનરામની અપાર ચોક્કસાઈ, ચીવટતા, ખંત, ભાષાભંડોળ, છંદસમૃદ્ધિ, અલંકાર સામર્થ્ય તથા મૌલિક કલ્પનામાં રસનું ઔચિત્ય અને સંયોજનનું સામર્થ્ય આપ્યું હોત તો 'સ્નેહમુદ્રા' કાવ્યકલાની ચિરંતન સૌન્દર્યવાળી સુવર્ણમુદ્રા બની શકત''

## સરસ્વતીચંદ્રનાં ગુણગાન

સરસ્વતીચંદ્ર વિશે તો પ્રશંસકોએ માઝા મૂકી દીધી છે. સરસ્વતીચંદ્ર એ ગુજરાતી સાહિત્યના અનુપમ ભૂષણરૂપ ગ્રંથ બન્યો છે. (નીલકંઠ) ગોવર્ધનરામની કુમુદ, શેક્સપિયર અને ડાન્ટેનાં ઉત્તમ સ્ત્રીપાત્ર સાથે જરા પણ અતિ પ્રશંસા વિના મૂકી શકાય છે. (ધ્રુવ) ''સરસ્વતીચંદ્ર'' એ નવલકથા જ એકલી આખા વિવેચનગ્રંથની અધિકારી છે. અને ''પાત્રાલેખન પરત્વે તો ગોવર્ધનરામની સિદ્ધિથી મુગ્ધ થયા વિના રહેવાશે નહિ'' (રાવળ). નવી પરણેતરને જોઈને કોઈ હરખઘેલો બોલે તેમ ન્હાનાલાલે લખ્યું છે. ''ગોવર્ધનરામભાઈનો - અને સરસ્વતી ચંદ્રમાંનો પ્રતિભાપ્રભાવ આપણી પરિસીમાણી બુદ્ધિએ અમાપ છે. એટલું જ નહિ, એમનો જ્ઞાનભંડાર કુબેરભંડારી જેવો અગાધ છે. તેમની કવિતજ્યોત તેજસ્વિની છે, એટલું જ નહિ; એમનો અનુભવસંચય રત્નાકરવિશાળ છે.. વગેરે વગેરે....''

ઉમાશંકર કહે છે : એમનું મુખ્ય સર્જન પદ્યમાં નહિ પણ ગદ્યમાં (સરસ્વતીચંદ્રરૂપે) થયું છે. એ બાબતમા એમના પોતાના કે વિવેચકોના મનમાં બેમત હોય એવુ જોવા મળ્યું નથી. તેની સામે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો મત છે : ''ગોવર્ધનરામની શૈલીમાં..... નર્યું કવિત્વ જ નીતરે છે. ગોવર્ધનરામ મહાન કવિ છે. કલ્પનાને જગાડી, ઉત્તેજી, પાંખો આપી. ઉન્નત લાગણીનું પ્રબળ પૂર તે વહેવરાવે છે તેવું બીજા કોઈ ગુજરાતી કવિમાં નથી. આ કવિતા પદ્ય નથી તે માફ - પણ તેની ચર્ચામાં નહિ ઊતરીએ. સરસ્વતીચંદ્રની અદ્‌ભુત કાવ્યમયતા તેનું કાવ્યોચિત વાતાવરણ સૌ કોઈ સ્વીકારે છે.'' વિશ્વનાથ મગનલાલ ભટ્ટ આ જ લાગણીનો પ્રતિઘોષ પાડીને ટૂંકાણમાં કહે દે કે સરસ્વતીચંદ્ર ''પંડિતયુગનું મહાકાવ્ય'' જ છે.

સરસ્વતીચંદ્રમાં વર્ણવેલું હિન્દુ ગૃહસંસારનું ચિત્ર, તેમાંનું સંસ્કૃતિદર્શન, તેમાંથી મળતો રાજકીય બોધપાઠ, તેમાં દર્શાવેલો ભક્તિનો માર્ગ, અને તેવા બીજા મુદ્દાઓ વિવેચકોએ અવારનવાર ચર્ચ્યા છે. ન્હાનાલાલે સરસ્વતીચંદ્રને વિશ્વની સર્વશ્રેષ્ઠ પાંચ કાંદબરીઓમાં સ્થાન આપ્યું છે. (જો કે તેમાંની એક પણ ખરેખર મહાન કહી શકાય તેવી છે કે નહિ તે બાબતમાં મને શંકા છે અને કોઈ સમજદાર વાંચકને અરેબિયન નાઈટસ્ સાથેની સરખામણીમાં અપમાનનો સૂર પણ લાગશે) મનસુખલાલ ઝવેરીએ

સરસ્વતીચંદ્રમાંની પ્રીતિમીમાંસા અને યજ્ઞમીમાંસાનું અગમ્ય વિશ્લેષણ કર્યું છે. રામપ્રસાદ બક્ષીએ બાણ અને ગોવર્ધનરામને લંબાણથી સરખાવ્યા છે.

આમ *ગોવર્ધનશતાબ્દી ગ્રંથ* - જેમાં પ્રગટ થયેલા ૨૯ વિવેચન લેખોમાંથી ઉપરનાં અવતરણો લેવામાં આવ્યાં છે - તેમાં રામનારાયણ પાઠકના અને ઉમાશંકર જોશીના લેખોને બાદ કરતાં, બાકીનામાં વખાણો અને પ્રશંસા એટલાં બેલગામ છે કે સરસ્વતીચંદ્રનું પુનર્મૂલ્યાંકન જેટલું જોખમકારક તેટલું જ જરૂરી બની જાય છે. બીજું, ગુજરાતી સાહિત્યના વિકાસમાં સરસ્વતીચંદ્રની ઐતિહાસિક મહત્તા નિર્વિવાદ હોવાથી, તેની ટીકા કરવામાં પિતૃખૂન જેટલો ભયંકર અપરાધ થઈ રહ્યો છે એવી લાગણી કેટલાક વાંચકોને થાય એવી વકી છે. સરસ્વતીચંદ્ર પહેલાનું આપણું ગદ્યસાહિત્ય *કરણઘેલો, વનરાજ ચાવડો કે સાસુવહુની લડાઈ* જેવી બેત્રણ અતિસાધારણ કક્ષાની ઐતિહાસિક રોમાંચક કે સ્થૂળ હાસ્યઉત્તેજક વાર્તાઓના વર્તુળમાં સમાઈ જતું હતું.આ પરિસ્થિતિમાં ગોવર્ધનરામે ફેરફારો કર્યા અને તેથી સરસ્વતીચંદ્ર પ્રત્યેની અને ગુજરાતી સાહિત્ય તરફની ગૌરવની લાગણીઓ એકબીજા સાથે એવી મળી ગઈ છે કે તેમને છૂટા પાડવાનું કામ કપરું થઈ જાય છે.

કોઈ પણ લેખકની ઉપર મહાનતાનો બોજો લાદવામાં આવે તે પહેલાં તેની કૃતિને સામાન્ય કસબની કસોટીમાં થી પસાર કરવી જોઈએ. તેના કસબની તપાસ હવે પછી એક પછી એક મુદ્દાઓ લઈને કરીશું.

## વસ્તુસંકલનાની ક્ષતિઓ

વસ્તુસંકલનામાં રહેલી કાલગણનાની નબળી સાંકળીઓ ધ્યાન ખેંચે તેવી છે. વાર્તાની શરૂઆત માઘ શિવરાત્રિના આગલા દિવસથી થાય છે, તે વખતે કુમુદ લગ્ન કરીને દસ-પંદર દિવસ થયાં સાસરે આવી હતી. સરસ્વતીચંદ્ર સાથેનાં તેનાં લગ્ન આવતા માઘ માસમાં લેવાનાં છે તે એણે આગલે વર્ષે સરસ્વતીચંદ્રને જણાવ્યું હતું (૧-૨૨૯. હવે પછીના બધા જ ઉલ્લેખો અનુક્રમે ભાગ અને પૃષ્ઠસંખ્યાથી કરવામાં આવશે જ્યાં ફક્ત પૃષ્ઠસંખ્યા આપી છે ત્યાં *ગોવર્ધનરામ શતાબ્દી ગ્રંથનો* ઉલ્લેખ સમજવો.) ''લગ્નનું મુહૂર્ત પાસે આવ્યુ તેવામાં ઈશ્વર જાણે શાથી સરસ્વતીચંદ્ર એકાએક અલોપ થયો.'' (૧-૮). તો સરસ્વતીચંદ્રે ગૃહત્યાગ બહુબહુ તો પોષના અંતમાં કર્યો હશે. તે પછી કુમુદનું મન અજ્ઞાત રહીને જાણી લેવા તે રત્નનગરી જવા ઉપડચો. રસ્તામાં પ્રતિકૂળ પવનને લીધે વખત વીતી ગયો. અને જ્યારે પહોંચ્યો ત્યારે તો કુમુદ સુવર્ણપુર પહોંચી ગઈ હતી. ચૈત્ર સુદ પડવાના દરબારમાંથી નીકળીને રસ્તે ચાલતા સરસ્વતીચંદ્ર મનન કરે છે કે ''ચાર માસ પહેલાં એટલી ખબર હોત તો - કુમુદસુંદરી - હું તારી આ દશા ન થવા દેત'' (૧-૧૯૮). તો એક ગણતરીએ કથાના આરંભ વખતે સરસ્વતીચંદ્રને ઘર છોડચે મહિનો - સવા મહિનો થયો હતો, જ્યારે બીજી ગણતરીએ તેને ચાર માસ થયા હતા. રામનારાયણ પાઠકે તેથી નોંધ્યું છે કે. ''કથાના બહુ મહત્વના બનાવો બહુ ટૂંકા સમયમાં ખીચોખીચ ભરેલા લાગે છે. મને લાગે છે કે કર્તાએ ઝીણવટભરી કાલગણના કર્યા વિના આશરે કેટલુંક લખ્યું છે.'' (૨૩૯-૨૪૦).

આનાથી ઊલટું અમુક બનાવો અતિશય ધીરેધીરે થતા હોય તેવું લાગે છે. ભૂપસિંહને ગાદી મળી ત્યારે તે ૩૪ વર્ષનો હતો (૧-૧૯, ૧-૬૫). તે સગીર મટીને ઉંમરમાં આવ્યો ત્યારે તેની અને

બુદ્ધિધન વચ્ચે સંબંધ બંધાયો (૧-૪૫). એટલે કે એ બે જણાએ લીલાપુરમાં રહીને ગાદી મેળવવાના પ્રયાસોમાં લગભગ પંદર-સોળ વર્ષ ગાળ્યાં. બળવંતરાય ઠાકોરે લખ્યું છે તેમ "બુદ્ધિધનની મહત્ત્વાકાંક્ષા જોતાં અને એ ગાળામાં કર્તાએ ટૂંકામાં પણ સુવર્ણપુરને લગતાં જે જે પ્રકરણો વર્ણવ્યાં છે તે જોતાં, આખી સંકલનમાં દોષરૂપ ગણવો પડે એટલો (આ બનાવ) લાંબો તો છે જ." (૧૮૭).

ચંદ્રકાન્ત લૂંટાયો, સરસ્વતીચંદ્ર બહારવટિયાના હાથમાંથી છટક્યો અને કુમુદ તણાઈ એ બધા જ પ્રસંગો જુદી જુદી જગ્યાએ પણ થોડાક માઈલના વિસ્તારમાં અઢાર કલાકની અંદર બને છે તે આકસ્મિક બનાવોની પંરપરા ધાર્મિક વૃત્તિવાળા વાંચકો સિવાયના બીજાંને ગળે ઊતરે તેવી નથી. તેમાં પણ જે રીતે બાવાઓ ઘવાયેલા સરસ્વતીચંદ્રનો અને લૂંટાયેલા ચંદ્રકાન્તના કાગળોના પોટલાનો મિલાપ કરાવે છે. એ તો ધાર્મિક વૃત્તિવાળાઓને માટે પણ સ્વીકારવું મુશ્કેલ થઈ જાય તેવું છે.

ચંદ્રકાન્ત સરસ્વતીચંદ્રને મળવા સારુ સુવર્ણપુર જવા નીકળે છે. "સુવર્ણપુરના અમાત્યને વિદ્યાચતુર સાથે સંબંધ હતો એટલે અમાત્ય પર ભલામણ લેવા પ્રથમ રત્નનગરી જવા ઠરાવ્યું. ઉત્સાહના વેગમાં આંખ મીંચાય, બંધ થાય એટલી વારમાં રત્નનગરી પહોંચ્યા જેવું લાગ્યું" (૧-૨૬૩). તેણે રત્નનગરી પહોંચીને વિદ્યાચતુરને વાત કરી : "આજે સાંજે મારે નીકળવું જોઈએ" (૧-૨૬૫). વિદ્યાચતુરે તેને જવાબ આપ્યો : "સાંજસોરી સૌ વ્યવસ્થા થશે." (૧-૨૬૭) અને "સંધ્યાકાળે એક મોટા સિગરામમાં બેસી ચંદ્રકાન્ત નીકળ્યો અને તેમાં સૂતોસૂતો, મિત્રના વિચાર કરતો કરતો સુવર્ણપુર ભણીને પંથે વળ્યો." (૧-૨૬૭)

હવે સ્વાભાવિક રીતે ચંદ્રકાન્ત રત્નનગરી પહોંચ્યા પછી તરત જ વિદ્યાચતુરને મળ્યો હશે અને મુલાકાતની સાંજે તો તે સુવર્ણપુર જવા નીકળ્યો. તો પછી જે પોટકાંના કાગળો અને જેની ઉપર ભવિષ્યની પેઢીના લાભાર્થે લાંબાં, સુન્દર ટાંચણાં તેણે કર્યાં તે પત્રો મેળવવાનો અને નોંધ લખવાનો સમય એને કેવી રીતે સાંપડ્યો ? શું તે ઘરના સમાચાર મેળવવા જ રત્નનગરીમાં પડયોપાથર્યો રહ્યો હતો ? શું તે પોતાના અને લક્ષ્મીનંદનના કુટુંબની અનેક રીતે થયેલી ખાનાખરાબીની માહિતી મેળવવા સારુ વિદ્યાચતુરને ઘેર દિવસો ભાંગતો હતો ? આ પ્રશ્નોના જવાબ બળવંતરાય ઠાકોર આપે છે : "સંકલનાની દષ્ટિએ આ સર્વ વિગતોનું અન્યોન્ય ગાંઠણ નબળું રહી ગયું છે એ વિશે મતભેદ સંભવતો નથી." (૨૧૫)

જમાલના ગૃહપ્રવેશનો પ્રસંગ આ જ પ્રકારનો છે અને તેની ચર્ચા કરીને બળવંતરાયે ફરી નોંધ્યું છે : "જમાલના ગૃહપ્રવેશ માટે ફાગણ સુદ છઠ કે સાતમ - એથી વહેલી તિથિ અશક્ય જ હોવાથી - લેવી પડે એમ છે, અને એ પ્રમાણે લેતાં પણ જે કંઈ ત્રૂટિઓ સંકલનામાં રહી જાય છે તે અનિવાર્ય ગણીને નિભાવી લેવાની છે." (૧૮૫)

## પાત્રોની ઉમ્મર

જેવું પ્રસંગોની કાળગણતરીમાં છે તેવું જ પાત્રોની ઉમ્મર બાબતમાં છે. સરસ્વતીચંદ્રની સાવકી મા ગુમાન પોતાના પતિને કહે છે : "હું યે ભાઈ કરતાં બે વર્ષે નાની છું." (૧-૨૩૫), આ વાત બળવંતરાય ઠાકોરે માની લીધી છે (૨૦૩), પણ રામનારાયણ પાઠકે સ્વીકારી નથી (૨૪૦) 'સંસ્કૃતિ'ના એક અંકમાં ગુમાનના લગ્ન વિશે ઉપેન્દ્ર પંડ્યા લખે છે કે આમા અસંગતિ કશી નથી,

કારણ ગોવધનરામના જમાનામાં બહુ નાની ઉમ્મરમાં વિવાહ થતો અને ખુદ ગોવર્ધનરામ અને તેમનાં પ્રથમ પત્ની હરિલક્ષ્મીનો એજ રીતે વિવાહ થયો હતો. ખરું પુછાવો તો તે જમાનામાં આપણા સંસારમાં વિચિત્ર વ્યવહારો એટલા બધા હતા કે કશું પણ સંભવિત છે. પણ ગોવર્ધનરામના જીવનનો જ દાખલો લઈએ તો પાકટ વયના શેઠ લક્ષ્મીનંદનના બીજી વારના વિવાહ સરસ્વતીચંદ્ર ચાર-પાંચ વર્ષનો હોય તે વખતે બે-ત્રણ વર્ષની ગુમાન સાથે થાય તે માનવું અઘરું છે (ગોવર્ધનરામ પોતે બીજી વારનાં લગ્ન અગિયાર બાર વર્ષથી મોટી છોકરી સાથે કરે છે.)

અલકકિશોરીની ઉમર પણ વિવાદાસ્પદ છે : ''છેક અગાડી વીસ બાવીસ વરસની છકેલ જોબનના પૂરમાં તણાતી બુદ્ધિધનની દીકરી અલકકિશોરી હતી.'' (૧-૫) એવી આપણી પહેલી ઓળખાણ છે, પણ ઉપર જણાવ્યું છે તેમ, ભૂપસિંહ અઢારનો થાય છે, પછી તરત તેનો અને બુદ્ધિધનનો ભેટો થાય છે, છ મહિના કે વર્ષ રહીને બન્ને લીલાપુર રહેવા જાય છે. (૧-૪૫). ત્યાં ચાર વર્ષે અલકકિશોરી નો અને પાંચ-સવા પાંચ વર્ષે પ્રમાદધનનો જન્મ થાય છે. વર્ષો પછી ભૂપસિંહની મુરાદ બર આવે છે, તેને ગાદી મળે છે. અભિષેક પછી ત્રણ-ચાર વર્ષે રાણો અને અમાત્ય રાજેશ્વરના મંદિરમાં મસલત કરવા મળે છે ત્યારે ભૂપસિંહ સાડત્રીસ - આડત્રીસનો હોય છે (૧-૬૫, ૧-૧૯) અને તે વખતે ઉપર જણાવેલા શબ્દોમાં અલકકિશોરી સાથેની આપણી પહેલી ઓળખાણ થાય છે.

હવે જો ભૂપસિંહને ઓગણીસ થયાં તે પહેલાં લીલાપુરમાં મિત્ર સાથે તે રહ્યો હોય તો તેને ત્રેવીસ થયા ત્યારે અલકકિશોરીનું દુનિયામાં આગમન થાય અને તેમ હોય તો રાણો આડત્રીસનો થાય ત્યારે અલકકિશોરી પંદરેકની હોય, જે એની જાજરમાન કાયાપર કવિત્વ કરવા ઈચ્છતા લેખકને બહુ નાની પડે. (સગીર થયા પછી લીલાપુર જતાં જતાં ભૂપસિંહ અને બુદ્ધિધન જેટલી વધારે વાર કરે તેટલી અલકકિશોરી વધારે નાની થાય એ ધ્યાનમાં રાખવુ જોઈએ.) કવિત્વ કરવાવાળો આઘુંપાછું જોતો નથી એમ ગોવર્ધનરામ પુરવાર કરે છે. એમણે તો પંદર વર્ષની બાળકી અલકકિશોરીને તક મળતાં ૨૦-૨૨ ની બનાવીને, છકેલ જોબનના પૂરમાં તેને તણાવીને, તેના સર્વ અવયવોના ઘાટને પ્રમાણસર પણ મોટા બતાવીને (૧-૬), એને મસ્ત અને ઉન્મત્ત યૌવન કહીને (૧-૯૮), પોતાની નવલકથાનું રગશિયું ગાડું આગળ ધપાવ્યું છે.

લેખકે સરસ્વતીચંદ્રને ૨૩-૨૪ નો દેખાડ્યો છે (૧-૧). પણ જ્યારે અલકકિશોરી નાયકના મદનાસ્રથી ઘવાય છે ત્યારે તેની મૂછનો દોરો જ ફૂટેલો હતો (૧-૧૮૨). મૂછની બાબતમાં પછાત હોય તોયે બુદ્ધિમાં સરસ્વતીચંદ્ર વધારે પડતો આગળ છે. એ ૧૭-૧૮ માં એમ એ થઈ જાય છે. પછીના વર્ષમાં કાયદાની પરીક્ષામાં સફળ થાય છે. પછી તરત વકીલ બનીને પક્ષમંત્રી થવાનો અભ્યાસ કરતો હોય છે. ત્યારે તેની સાવકી મા ગુમાનની અમૂંઝણનો પાર રહેતો નથી. (૧-૨૨૧, ૨૩૦, ૨૩૧) ધંધામાં પણ તે બેત્રણ વર્ષમાં તેના પિતા લક્ષ્મીનંદન શેઠની ગાદી લઈ લે છે. એક મહિનો ને ત્રણ દિવસમાં તે બુદ્ધિધનના રાજ્યતંત્ર અને ગૃહસંસારની બધી આંટીઘૂંટીઓ સમજી પચાવી, તિરસ્કારી, નીકળી પડે છે અને વિષ્ણુદાસના મઠમાં જતાં વહેંત લખ-અલખનો મર્મ ગ્રહણ કરી લે છે. એટલું જ નહિ; પણ વર્ષોથી ધર્મ અને તેના તત્ત્વજ્ઞાનનો સુન્દરગિરિ પર અભ્યાસ કરી રહેલા વિષ્ણુદાસના જ શિષ્યોને ઉપદેશ આપવાનું શરૂ કરે છે.

કુમુદસુંદરી પણ ગાંજ્યાં જાય તેવાં નથી. સાસરે ચૌદ-પંદર વર્ષનાં હોય છે ને આવે છે. આવ્યાને ચૌદ-પંદર દિવસ થાય છે અને તેટલામાં બધાંને વશ કરી લે છે. દસેક વર્ષની વય હોય છે ત્યારે તો બહેન ભવિષ્યના પતિને કાગળ લખે છે. ''પરંતુ ચંદ્ર છો-સર્વગુણમાં આકાશ જેટલા ઉન્નત છો-તો પણ પૃથ્વી પર પડી રહેલા ક્ષુદ્ર કુમુદને વિકસાવવું એ ચંદ્રનું કર્તવ્ય ગણાય છે.'' (૧-૨૨૫). સાસરામાં સરસ્વતીચંદ્રના આગમન પછીના એક મહિનામાં કુમુદસુંદરીમાં કવિત શક્તિનો જબરો વિકાસ થાય છે. એનો પરચો વાંચકને પહેલા ભાગના ૩૨૪, ૩૨૫-૩૨૬ અને ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૪૩, ૩૪૪ વગેરે પાનાંઓ પર મળે છે. બીજાં થોડાંક અઠવાડિયામાં તો તેઓ જીવનના અર્કસમા લખ-અલખના સિદ્ધાન્તો અપનાવી લે છે.

કુસુમસુંદરી મોટી બહેનથી એક જ ડગલાનું અંતર રાખે છે. તેમનું શરીર વાર્તાના સમય દરમિયાન બારેક વર્ષનું હોય છે. (૨-૧૫૫, ૧-૫) પણ તેમનું વર્ણન વાંચીએ તો છક્કડ ખાઈ જઈએ. ''કુસુમ એક પાસની જાળી આગળ આવી ઉભી હતી.... જંઘા અને પગ ઉઘાડા હતા. તે સાથેસાથે રોપેલી કેળોના થાંભલા જેવા દેખાતા હતા. નાડાના શિરો ભાગની ગાંઠ આગળ, અને તેની નીચે ચારપાંચ આંગળ સુધી તંગ કરેલા અને બે પાસથી ખેંચાતા નેફાની ગાંઠ પાસેની ચણિયાની ફાટમાંથી દીસી આવતા બીડિલા કમળપુટના જેવા ઉદરભાગને શિરે, પરાગમાં ભરાઈ ધોળોપીળો થયેલો ભ્રભર કમળદળ ઉપર બેઠો હોય તેના જેવું નાભિમંડળ બેઠેલું દૂરથી પણ દેખાતું હતૂં... તસતસતી ચોળીના આગલા ભાગમાં બોરિયાંને ઠેકાણે રૂપાના આંકડાની હાર હતી, અને ભરાતા શરીરની ખેચતાણથી એ આંકડા વચ્ચે દેખાઈ આવે એમ રહેવા દઈ ચોળીની બે કોરો એકબીજીથી દૂર તણાઈ જઈ વચ્ચેના મોહક શરીરને ગુપ્ત રાખવાના યત્નમાં હારતી હતી...... આવી રીતે દીસી આવતી ઉદરભૂમિમાંથી ઊગતા ગૌર અંગની ઊભી રેખા એક વેલી પેઠે કશાને આધારે ટેકાઈ ચળકતી હતી અને વેલીને શિરે બે પાસ સુંદર ઘાટવાળા ગોળ ફળ ઝૂકી રહ્યાં હતાં. આ સુંદર રૂપવાડીને યોગ્ય કોઈ ભોકતા ન દેખતી હોય તેમ મુખ ઉપર બે હાથની હથેળીઓ ઢાંકી કુસુમ જાળી આગળ ઉભી રહી હતી.'' (૪-૧૯). આ ગદ્યશૈલી કેટલી કૃત્રિમ અને કઢંગી છે તેનો તો વાચકને ખ્યાલ આવીજ ગયો હશે. આમાં સંસ્કૃત પદ્યનો ધ્વનિ છે. તેમ બચાવ કરવો પાંગળો છે કારણ આપણે ગદ્ય માધ્યમનો વિચાર કરવાનો છે.

નોબોકૉફની *લોલિટાને* માટે આજે ચકચાર ચર્ચા થઈ રહી છે પણ બાર વર્ષની નીમફેટને પહેલું શોધવાનું માન ગોવર્ધનરામને ફાળે જાય છે. એ પણ ખાસ નોંધવા જેવું છે કે પ્રમાદધન જે ગણિકાને ત્યાં મજા માણવા જાય છે તે ગણિકા પદ્મા પણ ચૌદ-પંદર વર્ષની જ હોય છે. બાર વર્ષની કુસુમ, ચૌદ-પંદર વર્ષની કુમુદ અને પંદર વર્ષની અલકકિશોરીના સંબંધમાં યોજવામાં આવેલાં અદ્‌ભુત સૌન્દર્યનાં ચિત્રો કર્તાની મનોદશાનું પ્રતિબિમ્બ નહિ પાડતાં હોય ? ગોવર્ધનરામનાં બન્ને લગ્ન નાની વયની બાળાઓ સાથે થયાં હતાં અને તેથી કદાચ તેમને સ્ત્રી-સૌન્દર્યનો આંજી નાખે તેવો પ્રકાશ, સાવ નાની વયની કાયા દ્વારા મળ્યો હોય એવો સંભવ રહે છે.

આ દલીલને ટેકો બીજી કેટલીક બાબતો તરફથી પણ મળે છે. 'સરસ્વતીચંદ્ર'માં ઘણી વખત દિવાસ્વપ્નના વાતાવરણનો સ્પર્શ થાય છે. ગોવર્ધનરામ પોતે બી.એ.માં એક વખત નાપાસ થયલા છે. એમ.એ. નો અભ્યાસ અડધેથી છોડી દીધો છે અને એલએલ.બી. માં ત્રણ વખત નાપાસ થયા છે. 'સરસ્વતીચંદ્ર' એ એમનું દિવાસ્વપ્ન હોવાથી તેનો નાયક આનાથી સાવ ઉંધે રસ્તે ચાલે છે.

તેજ પ્રમાણે સરસ્વતીચંદ્ર વ્યાપારકળામાં પ્રવીણ છે અને કાન્તિલાલ છ. પંડ્યા એ નોંધ્યુ છે : ''પેઢી તૂટવાથી ગોવર્ધનરામ નિર્ધન થઈ ગયા. નહિ તો એમનો વિચાર એક સારા વેપારી થવાનો હતો.!'' (૨૧). આગળ ઉપર આપણે કલ્યાણગ્રામની યોજનામાં વેપારીને આપવામાં આવેલું મહત્ત્વ તપાસતી વખતે આ વિશે વધારે વિચાર કરીશું.

## ભૌગોલિક ગોટાળા

પ્રસંગોની કાલગણનામાં અને પાત્રોની વયમાં જેવો ગોટાળો છે તેવો ભૌગોલિક નિર્દેશો વિશે પણ જોવા મળે છે. સંધ્યાકાળે ચંદ્રકાન્ત રત્નનગરીથી સુવર્ણપુરના પંથે વળે છે તે આપણે ઉપર જોયું. સરસ્વતીચંદ્ર આ સમાચાર મળતાં ચંદ્રકાન્તને અડધે રસ્તે મળવા ઉપડે છે (૧-૩૧૩). હવે કુમુદસુંદરી અને ગુણસુંદરીને પણ આ જ વખતે પગમાં ચળ આવી હોય છે. કુસુમ મોટી બહેનને પત્ર લખે છે. ''ચંદ્રકાન્ત સરસ્વતીચંદ્રની શોધ કરવા બુદ્ધિધન પર કાગળ લઈ આવે છે. ગુણસુંદરી લીલાપુર પાસે આવેલા ભદ્રેશ્વરની યાત્રા કરવાં જનાર છે અને તે પ્રસંગે તને તેડવા મોકલશે, માટે તારે સૌની રજા લઈ તૈયાર થવું.''(૧-૨૬૯). કુમુદસુંદરીએ ''પતિના દક્ષિણ હસ્તથી વીંટાયેલું, છૂટા થયેલા કેશ પાશવાળુ, કમળપુટ જેવું મસ્તક ઊંચું કરી ગુણસુંદરીને મળવા ભદ્રેશ્વર જવાની અનુમતિ માંગી લીધી.'' (૧-૨૮૫).

હવે કિસ્સો જામતો જાય છે. બીજે દિવસે સવારે એટલે કે ચૈત્ર સુદ બીજના રોજ સવારે સરસ્વતીચંદ્ર બુદ્ધિધનની વિદાય લેવા જાય છે અને કહેતો જાય છે કે કુમુદસુંદરીને લેવા રત્નનગરીથી માણસો આવી પહોંચ્યા છે. ''તેમના કહેવા પરથી જણાય છે કે ચંદ્રકાન્ત એકબે દિવસ ભદ્રેશ્વરમાં રહેશે. મારે તેમને તરત મળવાનું કારણ છે એટલે જવા રજા માગું છું.'' (૧-૩૫૮-૩૫૯) ચંદ્રકાન્તને અટપટા રસ્તા લેવાની ટેવ લાગે છે. પહેલું તો એ સુવર્ણપુર જવા માટે પ્રથમ રત્નનગરી જાય છે. બીજું એ રત્નનગરીમાં પેલા પ્રખ્યાત પોટકાના કાગળો પર ટાંચણો કરવા માટે બેઠો રહે છે. આટલાથી સંતોષ ન પામતાં તે પાછો ભદ્રેશ્વરમાં એકબે દિવસ રોકાઈ જવા માગે છે.

ખેર, રાજેશ્વરના મૂર્ખદત્ત પૂજારી પાસેથી સરસ્વતીચંદ્રને જાણવા મળે છે કે ''અહીંથી દસેક ગાઉ ઉપર મનોહરિયા નામનું ગામડું છે. ત્યાંથી એક રસ્તો ભદ્રેશ્વર જાય છે અને બીજો રત્નનગરી જાય છે.'' (૧-૩૬૪).

ગુણસુંદરીની ચાલ આ પ્રકારની છે : ''ગુણસુંદરીને ભદ્રેશ્વર જવું હતું અને તે રસ્તે બીક ન હતી. માટે એ પણ ત્યાં જવા પોતાના કુટુંબ સાથે નીકળી અને કુમુદસુંદરીની વાટે જોવાના વિચારથી મનોહરપુરીમાં પોતાના બાકીના કુટુંબ સાથે રોકાવાની ધારણાથી આજ જ બપોરે આવી પહોંચી હતી.'' (૨-૩૦). રત્નનગરીના સવારો મારફતે વિદ્યાચતુરે ચંદ્રકાન્તને સંદેશો મોકલેલો કે રસ્તામાં બહારવટિયાનો ભો છે. એટલે કે આ રસ્તો ગુણસુંદરીના બીક વગરના રસ્તાથી જુદો જ હતો એ નક્કી છે. પણ સરસ્વતીચંદ્રને મળવાની આતુરતાથી ભયને ન ગણી તે નીકળ્યો, લૂંટાયો અને સારે ભાગે સવારોની મદદથી બચવા પામ્યો. સવારોની શિખામણથી એને પણ મનોહરપુરી જવું પડ્યું અને ''સાયંકાળે પાછો ગુણસુંદરીનો અતિથિ થયો.'' (૨-૩૦)

કમાલ તો એ છે કે જે સંધ્યાકાળે એ રત્નનગરીથી સુવર્ણપૂર આવવા ભોવાળા રસ્તે નીકળ્યો

તે જ સાયંકાળે એ લૂંટાયો અને તેની તે જ સાંયકાળે એ મનોહરપુરી ભેગો થઈ ગયો. આમ ક્યાં તો આ અતિ મહત્વની સંધ્યાકાળ એકબે દિવસ જેટલી લાંબી છે અથવા રત્નનગરી અને મનોહરપુરી વચ્ચેનું અંતર અડધાએક માઈલનું છે. અને બારવટિયાઓ આ કહેવાતી ભવ્ય રાજધાનીની પોળો સુધી ઉપદ્રવ કરતા હશે !

હવે ભદ્રેશ્વર કયાં છે તે જડતું નથી. એ સુવર્ણપુરથી ઉત્તરમાં છે, મનોહરપુરથી એ પશ્ચિમમાં તો નથી જ. પશ્ચિમમાં તો ઘણું બધું ઠસોઠસ ભરેલું છે. મોટાં અને વિશાળ એવાં જુદાં જુદાં બે મૈદાનો છે. સુરગ્રામ છે, તાડનાં વન છે, રેતીની અમુક ભેખડો અને બેટ તો છે જ. અને મોટો પશ્ચિમ સાગર અર્ધગાઉ જેટલો જ દૂર છે. જો ભદ્રેશ્વર પૂર્વમાં હોય તો તે લીલાપુર પાસે જરૂર આવે. (૧-૨૬૯). સુવર્ણપુરથી મનોહરપુરી આવતો રસ્તો આંબાનાં વન અને તાડનાં વનને જુદાં પાડી મનોહરપુરી ભણી વળતો હતો (૨-૨). આંબાનું વન મનોહરપુરીથી પૂર્વમાં અને અંગ્રેજી હદમાં હતું. તાડનું વન મનોહરપુરીથી દક્ષિણમાં અને સુવર્ણપુરીની હદમાં હતું. મનોહરપુરી રત્નનગરીમાં હતું. જે રસ્તો દક્ષિણથી આવતો તે પૂર્વ-પશ્ચિમ જતા રસ્તાને મળીને બંધ થઈ જતો. આ જ પેલો જાણીતો ત્રિભેટો, જેની પાસેના વડની નીચે બહારવટિયા મંડળ ભેગું થયું હતું અને જેની ડાળીઓમાં બીજી કેટલીક વ્યક્તિઓ છાનીમાની લપાઈને બહારવટિયા મંડળની બધી જ કાર્યવાહી નિહાળી રહી હતી. જો ભદ્રેશ્વર મનોહરપુરથીથી પૂર્વમાં હોય તો ક્યાં તો રત્નનગરીથી એક રસ્તો (ભોવાળો) ભદ્રેશ્વર જાય અને બીજો (ભો વગરનો) મનોહરપુરી જાય. તો ગુણસુંદરી મનોહરપુરી શું કામ આવે છે તે સમજાતું નથી. ભો નથી એટલે ? બીજું, જો સુવર્ણપુરથી ભદ્રેશ્વર જવાના રસ્તે પહેલાં મનોહરપુરી આવે છે તો ચંદ્રકાન્ત રત્નનગરીથી મનોહરપુરીને રસ્તે કેમ નથી આવતો ?.ત્યાં ભો નથી એટલે ?

જો મનોહરપુરી અને ભદ્રેશ્વરનો રસ્તો રત્નનગરીથી એક જ હોય તો ચંદ્રકાન્ત અને ગુણસુંદરીના સવારો રસ્તામાં એકબીજાને આંટી મારીને પાડી દે. ભદ્રેશ્વર જવાનો બધાંએ ત્રાગડો રચ્યો શું કરવા તે સમજાતું નથી. સિવાય કે બધાંને બહારવટિયાઓની હડફેટમાં આવવું જ હોય. વળી આ બધા રસ્તાઓ સુભદ્રા અને ભદ્રાને ક્યાંથી ઓળંગે છે ? મનોહરપુરીથી ઉત્તરમાં સુન્દરગિરિનો સુન્દર પહાડ શરૂ થાય છે. તો શું ચંદ્રકાન્ત આ પહાડ ઓળંગીને બહારવટિયાઓની પાસે લૂંટાવવા તાબડતોબ પહોંચી જાય છે? આંબાના વનની પેલી પાર ઉત્તરમાં વીરપર છે. તો ભદ્રેશ્વરને ત્યાં સંતાડવાની જગ્યા બાકી રહે છે ખરી ? લીલાપુર, રત્નનગરી, સુવર્ણપુર, ખાચરનું રાજ્ય, ધીરપુર, વીરપર બધાંનો વિસ્તાર કેટલો અને અરસપરસ કઈ દિશામાં આવેલાં છે ?

આ બધા પ્રશ્નો ગોવર્ધનરામે જ ખડા કર્યા છે. બપોરના ત્રણથી માંડીને બીજા દિવસની સવાર સુધીમાં ઉપરાછાપરી બહારવટિયાનાં ત્રણ ધીંગાણાં થાય છે અને ચંદ્રકાન્ત, સરસ્વતીચંદ્ર અને કુમુદ તેમને હાથતાળી આપીને છટકે એ બધુ વ્યવસ્થિત રીતે ગોઠવાયું જ નથી. આવી નાની નાની બાબતો પર મહર્ષિ ગોવર્ધનરામનું ધ્યાન જ નથી. અને લક્ષ્યાલક્ષ્યનો ગૂઢાર્થ સમજાવવામાં તેઓ એટલા ગુલતાન છે કે નવલકથાકાર તરીકે એમની પ્રાથમિક જવાબદારી તરફ સંપૂર્ણ બેદરકારી બતાવે છે.

## વિચિત્ર પ્રસંગો

સરસ્વતીચંદ્રની સુવર્ણપુર છોડી જવાની ઉતાવળ નું કારણ પણ એમણે અદ્‌ભુત આપ્યું છે.

આગલી રાત્રે કુમુદસુંદરી નાયકને એક કાગળ આપી જાય છે, જે વાંચવાની ભાઈને ઘણી તાલાવેલી છે, પણ તે રાતના ઊંઘમાં હોવાથી વાંચી શકતા નથી. હવે ''જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન'' નામના પ્રખ્યાત પ્રકરણ પછી નાયક-નાયિકા વચ્ચેના સમાગમનો પ્રસંગ ઘણા વિસ્તારથી વર્ણવાયો છે. અને તે લાગણીમય પ્રસંગ પછી ભાઈ સરસ્વતીચંદ્રને કાગળ વાંચ્યા વગર ઊંઘ કેમ આવે છે તે સમજાતું નથી. ગમે તેમ એ પત્ર વાંચવા સારુ સવારે ઊઠીને જલદી જલદી ભદ્રેશ્વરને રસ્તે નીકળી પડે છે.

એમની પાછળ થોડો વખત રહીને કુમુદ સુંદરી ઘરની બહાર પડે છે. તે નદીકિનારે ઉભી હોય છે ત્યારે પ્રતાપ નામનો એક બહારવટિયો તેનો પગ ખેંચીને પાણીમાં ઘસડી લઈ જાય છે. આ બનાવ જોઈને વિદ્યાચતુરનો એક નિમકહલાલ સેવક શંકર નદીમાં ઝંપલાવે છે. જેને પેલો બહારવટિયો મારી નાખે છે. તે જોઈને વિદ્યાચતુરનો એક નિમકહરામ સેવક મૂળુનો ઓચિન્તો હૃદયપલટો થઈ જાય છે અને તે વહેણમાં કૂદે છે. અને આખરે બહારવટિયાની કતલ કરે છે. પણ તેનો એક જ હાથ હોવાથી અને તે હાથ તલવાર પકડવામાં રોકાયેલો હોવાથી કુમુદ સુંદરી તણાઈ જાય છે.

ફરી એકવાર નોંધવું પડે છે કે આવી બેહૂદી બીનાઓના આધારે ગોવર્ધનરામ પોતાની નવલ કથાનું રગશિયું ગાડું આગળ ધપાવે છે.

## અર્થસંબંધી ગૂંચવાડા

હવે લક્ષ્મીનંદનના ધનની તપાસ કરીએ : ''સરસ્વતીચંદ્રનો બાપ લક્ષ્મીનંદન મુંબઈનો ધનાઢ્ય વ્યાપારી હતો અને દસ-બાર લાખ રૂપિયાનો ધણી હતો'' (૧-૨૧૮), સરસ્વતીચન્દ્રના ગૃહત્યાગ પછી તે ભાનમાં આવે છે અને ધનનો સદુપયોગ કરવાનું તેને સૂઝે છે. ''પ્રિય પુત્રને સંભારી સંભારી વૃદ્ધ પિતા દિવસે દિવસે ક્ષીણ થતો ગયો અને પોતાનું અશેષ દ્રવ્ય તેને શોધવામાં ખર્ચવા તત્પર થયો.'' (૩-૫૪). તૈયાર થયો એટલું જ નહિ, ''મુંબઈ નગરીની પોલીસમાં, પરદેશમાં, પોતાના ઓળખીતા અમલદારો અને વ્યાપારીઓમાં, પોતાના અનેક સેવકોમાં અને અન્યત્ર જ્યાં સૂઝ્યું ત્યાં લક્ષ્મીનંદન અત્યંત દ્રવ્ય વેરવા લાગ્યો'' (૩-૫૪). આમ છૂટે હાથે લક્ષ્મીનંદન પૈસા વેરતો હતો તે જ વખતે ''પુત્રશોકમાં પડેલા ધનપતિનું ધન હરી લેવાના માર્ગ શોધવામાં ધૂર્તલાલે અતિશય બુદ્ધિ ચલાવી'' (૩-૫૫). ''આ બકભક્ત ધૂર્તલાલ પોતાના સ્વાર્થથી અનેક પ્રપંચરચના રચવા લાગ્યો.'' (૩-૫૫). 'દિખીતો પગાર તો એણે ઘણો જ થોડો લેવા માંડયો પણ તેને સટે ગુપ્ત આવક અનેકધા લેવા માંડી.'' (૩-૫૬). ''લક્ષ્મીનંદનના દ્રવ્યકૂપને બંબા મૂકી ખાલી કરવા માંડયો અને..... પોતાને ઘેર અને પારકી પેઢીઓમાં પોતાને ખાતે અઢળક ધન સંચિત કરી રાખવા માંડયું'' (૩-૫૭).

આમ અશેષ, અત્યંત ધન લક્ષ્મીનંદન વેરવા માંડયો અને બીજી બાજુ ધૂર્તલાલે અતિશય બુદ્ધિ ચલાવી, અનેક પ્રપંચરચના યોજી, અનેકધા ગુપ્ત આવક અને અઢળક ધન ભેગું કર્યું. આટલા બધા ધનને લૂંટાવવા માટે સમય સહેજ ઓછો છે તે તો આપણે ઉપર ચંદ્રકાન્તના પ્રખ્યાત પોટકાની ચર્ચા કરતાં જોયું છે. માઘની શરૂઆતમાં કે પોષના અંતમાં ઘરની બહાર પડેલો સરસ્વતીચંદ્ર ચૈત્ર પડવા પછીના થોડા દિવસમાં, સુન્દરગિરિ પર જઈને સત્યનું શોધન પતાવી દઈને મુંબઈ પાછો ફરે છે તે અરસામાં મુંબઈની ગલીઓમાં ચાલતા ચાલતા લક્ષ્મીનંદન રોકડા રૂપિયા ચારે તરફ ફેંકતા હોય તો જ અશેષ, અત્યંત, અઢળક વગેરે વિશેષણો સાથે ધનનો વ્યય થઈ શકે. પણ સમયની મર્યાદા લેખકના

ધ્યાન બહાર છે અને પૈસાની બાબતમાં તેમને ઝાઝી સમજણ નથી.

કારણ, થોડા મહિનામાં પાછો આવીને સરસ્વતીચંદ્ર બાપની મિલકતનું સરવૈયું કાઢે છે : "સરવાયું પૂરું તો નીકળ્યું ન હતું પણ અડસટ્ટે લોકમાં દસ-પંદર લાખની ગણાતી મિલકતની ઉપજ જ બે-ત્રણ લાખની જણાઈ." એટલે કે વીસેક ટકાની ઉપજ થઈ. "અને પાંચેક લાખની મિલકત તો ઉપજ વિનાની હતી. તે ઉપરાંત સરસ્વતીચંદ્રની પાસેની મિલકત જુદી. અને કુમુદને મળેલા કન્યાદાન ને મણિરાજના કર્ણભવનમાંથી મળવાનું તે જુદું" (૪-૮૭૫).

પરીકથામાં ધનની કમી કદી હોતી નથી અને ગોવર્ધનરામ એના આદર્શ પુરુષ સરસ્વતીચંદ્રની પાછળ એટલા ગાંડા છે કે તે માંગે તેનાથી વધારે પૈસા આપી દે છે. અને તેઓ ભૂલી જાય છે કે જો દસ-પંદર લાખની મિલકત થોડા મહિનામાં પંદર-વીસ લાખની થઈ જાય તો શેઠે પૈસા ખર્ચા શેમાં, ધૂર્તલાલે લૂંટ્યા શું, અને જે બધી વહિયાત વાતો "ધૂર્તલાલની શેઠ થવાની કળાઓ' ના પ્રકરણમાં આવે છે તેનું શું ?

માધવરામની શ્રીકૃષ્ણ વાસુદેવજીની પેઢી ૧૮૭૪ માં ભાંગી, ત્યારથી ગોવર્ધનરામની અભિલાષા સારા વેપારી થવાની હતી. પણ પોતે ભલા-ભોળા માધવરામ જેવા જ હતા. (૧૮) તેમને પૈસાની કશી ગતાગમ નહોતી તેનો એક બીજો પુરાવો પણ 'સરસ્વતીચંદ્ર'માંથી મળે છે. મનોહરપુરીના ખેડૂતોની આબાદીનાં કારણો એમણે દર્શાવ્યાં છે : "ગામમાં કર માત્ર જમીનનો જ હતો અને તે પણ ઘણો જૂજ હતો. આથી આ લોક પેસા એકઠો કરતાં શીખ્યા હતા અને પ્રધાનની સૂચનાથી કણબી લોક અરસપરસ ધીરધાર કતાં, પૈસાની કિમ્મત સમજવા લાગ્યા અને તેમાંથી પોતે પોતાના નાણાવટી થતાં, દેવાદાર મટી ધીરનાર થવા લાગ્યા હતા." (૨-૩૨) એમાં પ્રધાનની સૂચનાની કણબીઓને શા માટે જરૂર લાગી હશે ? આજે લાખો ગામડામાં ધીરધારનો અનુભવ કરોડો ખેડૂતોને છે અને તેમને પૈસાની કિમ્મત ઘણી જ છે. પણ ધીરધારની સમજણને લીધે નાણાવટી બનવાનું ખેડૂતો માટે મનોહરપુરીના પરીલોકમાં જ સંભવે !

સાહસરાયનો કિસ્સો પણ આવી જ જાતનો છે. "વિદ્યાચતુરની મોટી બહેન દુઃખબાના પતિ સાહસરાયને વ્યાપાર કરતાં દેવું થયું. દેવામાંથી છૂટવા લોભનો માર્યો સટ્ટામાં પડ્યો, તેમાંથી છુટાય નહિ એટલું ઋણ થયું, અને ન ચાલે દુઃખબાને એના ભાઈને ત્યાં મોકલી દીધી." (૨-૪૫). આ દુઃખદ બનાવ કેવળ ગુણસુંદરીની કુટુંબજંજાળ બતાવવા લખાયો હોય એમ લાગે છે. ધીરેધીરે ગુણસુંદરી સુખી થાય છે. તે દર્શાવવા ગોવર્ધનરામ સાવ બાલિશ તરકીબનો આશ્રય લે છે. "સાહસરાયને પરદેશમાં હરકત પડે છે એવું નિમિત્ત કાઢી દુઃખબાને એના પરિવાર સાથે (સસરાએ) વિદાય કરી દીધી; અને સાહસરાય રત્નનગરી આવ્યો હતો ત્યારે વાતચીતમાં સસરા પાસેથી બુદ્ધિ પામ્યો હતો તેનો ઉપયોગ કરી ધંધો ચલાવી શકતો હતો." (૨-૧૫૪) જો સસરાની જ બુદ્ધિની કમી હોત તો કલ્યાણગ્રામની યોજનામાં ફક્ત વ્યાપારીઓને સારા સસરા મેળવવાની જોગવાઈ ગોવર્ધનરામે કરવી જોઈતી હતી ! મૂડીની વ્યવસ્થા કરવાની તેમને શા માટે જરૂર લાગી હશે એ એક પ્રશ્ન છે.

### ·કઠપૂતળીનાં રમકડાં

ગોવર્ધનરામનાં પાત્રો જીવન્ત નથી, પણ કઠપૂતળીનાં રમકડાં છે એ વસ્તુ ગોવર્ધનરામ

પાનેપાને પુરવાર કરે છે. એમનાં નામ જ એવાં છે કે તે જમાનામાં મશ્કરી–ફઈબાઓ જ બહુ હતી એમ લાગે. કરવતરાય, મુર્ખદત્ત, ચંડિકા, ધુર્તલાલ, ડોક્ટર અશરણશરણબાબુ, શંકાપુરી, યમદૂત, સ્થૂળ હાસ્યવૃત્તિને પોષે તેવાં આગળ પડતાં નામો છે. જો કે ગુણ કે અવગુણથી ખદબદતાં નામો લગભગ બધાંજ પાત્રોના છે. ગુણસુંદરી, વિદ્યાચતુર, બુદ્ધિધન, ભૂપસિંહ, મણિરાજ, શઠરાય, દુષ્ટરાય, રૂપાળી, લક્ષ્મીનંદન, ગુમાન વગેરે પુસ્તકના પાના પર ચમકતાંની સાથે જ અણસમજુ વાંચકને પોતાના જાત ઓળખાવી દે છે. સરસ્વતીચંદ્ર, કુમુદ અને કુસુમનાં નામો સાથે રમત કરતી પાર વગરની લીટીઓ નજરે ચડે છે. ચંદ્ર અને કુમુદ, ચંદ્ર અને રાત્રિ, કુસુમ અને સરસ્વતી, કુમુદ અને કુસુમ વગેરે જોડીઓ વાંચક પાના ઉથલાવવા માંડે ત્યાં સુધી આવ્યા જ કરે છે.

## રડતાં પાત્રો

આ પાત્રોની એક સર્વસામાન્ય ખાસિયત છે, રુદનની. પહેલા ભાગમાં ઓગણીસ પાત્રો પંચાવન વખત રડે છે. પહેલે નંબરે કુમુદ છે, જે સત્તર વાર આંસુ સારે છે. બીજે નંબરે આવતા સૌભાગ્યદેવી દસ વાર આ પ્રયોગ કરે છે. અલકકિશોરી અને સરસ્વતીચંદ્ર અનુક્રમે ચાર અને છ વાર રડે છે. સૌભાગ્યદેવીનાં સાસુ ત્રણવાર, બુદ્ધિધન અને ખલકનંદા બબ્બેવાર, અને ગુણસુંદરી, વિદ્યાચતુર, રાજબા, શઠરાય, ગુમાન, ચંદ્રકાન્ત, લક્ષ્મીનંદન, કૃષ્ણકલિકા અને એક સી એકેક વાર રડે છે. બે વખત સમૂહરૂદનનો કાર્યક્રમ પણ યોજાય છે. સરેરાશ પોણા સાત પાને એક વાર રુદનનો કાર્યક્રમ આવે છે.

બીજા અને ત્રીજા ભાગને છોડી દઈને ચોથા ભાગને લઈએ તો તેમાં ચૌદ પાત્રો ત્ર્યાંસી વખત રડે છે. સરસ્વતીચંદ્ર આ વખતે કુમુદની સાથે સખત હરીફાઈ કરે છે. પણ આખરે કુમુદ જ જીતે છે. તે અઠાવીસ વાર રડે છે અને સરસ્વતીચંદ્ર ચોવીસ જ વાર. ગુણસુદરીનો આ બાબતમાં દેખાવ ખરાબ નથી. નવ પૉઈન્ટ. ચંદ્રકાન્ત પણ પહેલા ભાગ કરતા વધારે રુદનશક્તિ બતાવે છે – પાંચ વાર. વિદ્યાચતુર અને કુસુમસુંદરી ત્રણ વાર રડીને રહી જાય છે. સુંદરને, ચંદ્રવલિને અને માનચતુરને લેખક બબ્બે વાર જ મોકો આપે છે. બાકી રહે છે તે કીકી, મણિરાજ, મોહિની, લક્ષ્મીનંદન અને ગુમાન. સરેરાશ સાડા દસ પાનાંની છે:

ઉપરના આંકડાઓમાં મેં હર્ષનાં આંસુ ગણ્યાં નથી, તેમજ આંખ ભીની થવી, ગળગળા બનવું, હૃદય ભરાઈ જવું, ગદગદ થઈ જવું, ઝળઝળયાં આવવાં વગેરેને પણ બાકાત રાખ્યાં છે. સંપૂર્ણ શોકનાં જ આંસુઓને ગણ્યાં છે – તેમાં પણ એક વખત રુદન પૂરું થઈ ગયા પછી જ બીજું શરૂ થાય તો જ તેને જુદુ ગણ્યું છે. એકના એક રુદન પ્રસંગમાં જ જે ભરતીઓટ આવે છે તે મોજાંઓને જુદાં જુદાં ગણીને સંખ્યા વધારી નથી.

## રુદનનાં કારણો

રુદનનાં કારણો તરેહ તરેહનાં છે, તેમાં નીચેનાં નોંધપાત્ર છે : મનુષ્યનું દુઃખ, એટલે કે કવિતા, ગુણસુંદરી સમજતી ન હોવાથી વિદ્યાચતુર રડે છે અને પત્નીને રડાવે છે.

કુમુદ સાસરે આવ્યા પછી સરસ્વતીચંદ્રને સંભારી છાનીછાની રડે છે; સરસ્વતીચંદ્રની ***“શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી”*** એ કવિતા વાંચીને રડે છે, જમાલે કટાર મારીને પાડેલા ઘા જોઈને રડે

છે ; કુસુમનો પત્ર વાંચીને, ટેબલ પર માથું મૂકીને પુષ્કળ રડે છે; નિદ્રામાંને નિદ્રામાં ડૂસકાં ભરે છે; કવિતા લખતાં લખતાં નિરર્ગળ રડે છે; નાની બહેનનું મોઢું સ્વપ્નમાં જોઈને ટેબલ પરના કાગળો પલાળે છે અને અશ્રુપાતથી શરીર ઝબકોળે છે; અને છેલ્લે ત્રિદોષમાં પણ રડવાનું ભૂલતી નથી.

સૌભાગ્યદેવી મદનવશ થતાં રડે છે અને પતિની સાથેનો કામસંબંધ પૂરો થતાં રડે છે. બુદ્ધિધન કારણ વગર રડે છે. અલકકિશોરી પણ માની જેમ મદનવશ થતાં રડે છે. સરસ્વતીચંદ્ર કુમુદસુંદરીને બેભાન જોઈને રડે છે. કુમુદનો પત્ર વાંચી અશ્રુધારા વહેવડાવે છે. અને સૂતાં સૂતાં કુમુદની યાદ આવતાં રડે છે. સરસ્વતીચંદ્રના ગૃહત્યાગથી ચંદ્રકાન્ત રડે છે. કૃષ્ણકલિકા પ્રમાદધન સાથેનો તેનો સંબંધ કુમુદ જાણી જાય છે તેથી રડે છે. આ થયું પહેલા ભાગનું.

ચોથા ભાગામાં, કુસુમને ભોગવનાર કોઈ ભોક્તા નથી, તે વિચારીને ગુણસુંદરી રડે છે. અને તે ઉપરાંત સરસ્વતીચંદ્રના શોકમાં અને વિદ્યાચતુર સાથે વાત કરતાં તે રડી પડે છે. પછી ગુણસુંદરીનો સરસ્વતીચંદ્ર પ્રત્યેનો સ્નેહ જોઈને ચંદ્રકાન્ત રડે છે; સરસ્વતીચંદ્ર સાધુ થયો હશે એ વિચાર આવતાં રડે છે; સાધુ થયેલો જોઈને રડે છે ; અને કુમુદને કંથામાં જોઈને તે રડવાનું ચૂકતો નથી.

કુમુદને સરસ્વતીચંદ્રનો વિચાર આવતાંની સાથે રડવાનો મહાવરો છે, તે ઉપરાંત આપઘાતના પ્રયાસ વખતે તે રોતી કકળતી આંસુથી નહાતી છીછરા પાણીમાં પડી જાય છે; માતાની મૂર્તિ સામે હાથ જોડીને તે ગાતાં ગાતાં રડે છે અને રડતા રડતાં ગાય છે. સરસ્વતીચંદ્રને જોતાંવેત રડે જ છે; ખાસ પ્રયોજન વગર પણ તેની આંખમાં આંસુઓની છાલકો ઉભરાયા કરે છે; કોઈક વખત તેને આંસુઓની છાલકો વાગવા પણ માડે છે. બલ્કે કુમુદસુંદરીને રડવાનાં કારણો શોધવા પડતાં નથી. ચોથા ભાગના લગભગ દરેક પ્રવેશમાં તે રડે છે અને એટલું ઉમેરી દઉં કે તે બેભાન હોય તોય તે રડવાનું ભૂલતી નથી.

*સરસ્વતીચંદ્ર* એ સમગ્ર નવલકથાનું પાર્શ્વસંગીત ડૂસકાં અને ધ્રૂસ્કા છે, તેનો નાયક, સ્ટેજ પર ઉભો રહેલો નવોદિત અભિનેતા જેમ વારંવાર હાથ હલાવ્યા કરેતેમ, અશ્રુંપાત કર્યા કરે છે. તે પોતાના મિત્ર ચંદ્રકાન્તના પત્રો વાંચી તેમને છાતીસરસા ચાંપી રડે છે. પિતા, મિત્ર, કુમુદ, માતા વગેરે પરના સ્નેહને લીધે તે રડ્યા કરે છે; સજળ નેત્રે તેને પણ ગાવાની ટેવ છે; એક જગાએ તો સંગીતને તાલ દેવા તેનાં નેત્રો ઘડીક અશ્રુપાત કરતાં હતાં, એવી નોંધ છે; કવિતા બનાવતી વખતે, ક્રોધ કરી, ભ્રૂકુટિ ચડાવી, પગ ઠપકારી પણ તે અશ્રુધારા ચલાવે છે; છાપું હાથમાં આવે છે ત્યારે સમાચાર વાંચીને, તેમ જ વાંચ્યા વગર, રડે છે; ચંદ્રાવલિની સાથે વાત કરતાં તેનાં નેત્રમાં અશ્રુધારા અપ્રતિહત થાય છે, બીજી એક વખત એજ ચંદ્રાવલિ સાથે વાત કરતાં, શીઘ્રરુદનનો પરચો દેખાડવા માટે કરતો હોય તેમ, નીચેથી ઊંચું જોયું તેટલામાં એની આંખમાં આંસુ આવી પણ ગયાં અને સુકાઈ પણ ગયાં, એવું વાંચવા મળે છે. નિદ્રામાં અશ્રુપાત કરતા કરતાં તે લવે છે; કુમુદનાં બિડાયેલાં નેત્રોપર પોતાની નેત્રોની અશ્રુધારા પણ અસાધારણ નેમ લઈને વહાવે છે; કેટલીક વખત નેમ ચૂકી જવાને લીધે ફક્ત કુમુદનાં દીન મુખ પર આંસુ વહાવે છે; કુમુદના છેડાને સરખો કરતો, કવિતા ગાતો તે રડે છે; કવિતા સાંભળતો પણ તે રડી શકે છે; એક જગ્યાએ એ પત્થર જેવો દિંગ્મૂઢ થઈને ઊભો રહે છે અને માત્ર આંખનાં આંસુથી એ જીવતો લાગે છે.

ચોથા ભાગના બીજા રુદનના પ્રસંગોનાં કારણોનો ઉલ્લેખ કરવાની હું જરૂર જોતો નથી.

સરસ્વતીચંદ્રમાં આંસુઓની નદીઓ પાનેપાને વહે છે. ૧૯મી સદીના અંતમાં પ્રજાને રુદનની કોઈ ખાસ આવશ્યકતા લાગતી હતી, એવું ઈતિહાસમાં મેં વાંચ્યું નથી. તેમના કોઠા એવી જાતના હતા કે આંખમાંથી આંસુ વારતહેવારે પડયા કરે એવું હું માનતો નથી. ખરી વાત તો મને એ લાગે દે કે કરુણ પ્રસંગ ઊભો થયા પછી ગોવર્ધનરામને સમજણ નથી પડતી કે પાત્રો પાસે શું કાર્યો કે વિચારો કરાવવા. એથી હિન્દી બોલપટોના દિગ્દર્શકોની જેમ તે પાત્રોને ધ્રુસ્કે ધ્રુસ્કે રડાવી પાડે છે. રુદનના સીન વખતે, જેમ ચહેરાના જાતજાતના શોટ કૅમેરામૅન દિગ્દર્શકોના કહેવાથી લે છે તેમ, એકની એક લીટીઓ વારંવાર લખીને કંટાળેલા ગોવર્ધનરામ જુદી જુદી રીતે આંસુઓનું પડવાનુ લખીને રમૂજમય વાતાવરણ ખડું કરે છે.

## બધાં જ કવિપાત્રો

રડવાની જેટલી જ સહેલી બીજી કોઈ પ્રવૃત્તિ જો પાત્રોને લાગતી હોય તો તે કવિતા ગાવાની અને બનાવવાની છે. આને લીધે હિન્દી બોલપટ સાથેની સરખામણી વધારે બંધબેસતી થઈ જાય છે. જેમ દેશી બોલપટોમાં રડવાના પ્રસંગે ગાવાનું હોય જ, તેમ ઘણીખરી વખત સરસ્વતીચંદ્રમાં બને છે.આ ગાયનપ્રસંગોનું કોઈ કોઈ ઠેકાણે યોગ્ય સંયોજન થયું છે; જેમકે ભૂપસિંહના દરબારમાં કલાવતી ગાય કે રાત્રે ચોકીદારોમાંનો કોઈક લલકારે કે ગાડાવાળો ગાડું ચલાવતાં એકાદ-બે કડી ગાઈ નાખે. પણ વિદ્યાચતુર, બુદ્ધિચતુર, વનલીલા, સૌભાગ્યવતી, નરભેરામ, અલકકિશોરી, મનોહરી, સુન્દર, સાધુ-સાધ્વીઓ, સરસ્વતીચંદ્ર, કુમુદ અને કુસુમ વગેરે પાત્રો કવિતાઓ બનાવ્યા કરે અને ગાયા કરે એ તો મને વધારે પડતું જ લાગે છે. શું ગોવર્ધનરામનો વિચાર પોતે કવિતા બનાવી શકે છે તે બતાવી વાંચકને વિદ્વત્તાથી આંજવાનો હતો ? શેલી, કિટ્સ અને સંસ્કૃત કવિતાઓમાંથી ઉતારા આપીને પોતાના વાંચનની વિશાળતા પ્રસિદ્ધ કરવાનો હશે ? વધારે સંભવ એવો છે કે તેમનો આશય પાત્રોની મનોદશા ગદ્યમાં વર્ણવી લીધા પછી તેનું પુનરાવર્તન પદ્યમાં કરીને વિવિધતાનો ભાસ ઉત્પન્ન કરાવાનો હોય.

## બેભાન પાત્રો

રડવાની અને ગાવાની સાથે એકાન્તમાં મોટેથી બોલવાના, બેભાન અવસ્થામાં લવવાના અને સ્વપ્નો સંગાથે જોવાના બનાવો નવલકથાના વાતાવરણની કૃત્રિમતા વધારવામાં અગત્યનો ભાગ ભજવે છે. પહેલા જ ભાગમાં બુદ્ધિધન એકલો એકલો મોટેથી બોલતો પોતાની મેડીમાં રાજ્યકારભારની બાજી રમતો હોય છે, જે પાસેની મેડીમાંના સરસ્વતીચંદ્રના કાને આવે છે. આગળ ચાલતાં ચંદ્રકાન્ત મનોહરપુરીના ગુણસુંદરીના આવાસમાં સ્વગત બોલતો હોય છે, જે ગુણસુંદરી સાંભળે છે.

તે જ પ્રમાણે કુમુદસુંદરી પહેલા ભાગના અંતમાં સરસ્વતીચંદ્રના ખોળામાં બેભાન થઈને પડે છે. અને ચોથા ભાગમાં સુન્દરગિરિના યુદશૃંગ પર તો બન્ને જણા ક્રમશઃ બેભાન થયા કરે છે. બન્ને વખત બેભાન અવસ્થામાં પાત્રો રડે છે, ગાય છે. કવિતાઓ રચે છે અને કાંઈનું કાંઈ મૂર્ખાઈભરેલું વર્તન કરે છે. તેનાથી આગળ વધીને વિષ્ણુદાસ બાવા સમાધિ લઈને પોતાનો આત્મા સરસ્વતીચંદ્રના ખોળિયામાં રોપે છે અને કુમુદ અને સરસ્વતીચંદ્રને જોડિયા સ્વપ્ન દેખાડે છે. ધારેલા સંવાદો અને સંજોગો ઊભા કરવાને માટે ગોવર્ધનરામને આવા આડા રસ્તા આખત્યાર કરવા પડે છે.

'સરસ્વતીચંદ્ર'ના ત્રીજા અને ચોથા ભાગને વાંચતાં મને ઘણી વખત એવું લાગ્યું છે કે લેખકને કશું કહેવાનું રહ્યું નથી, આગલા બે ભાગોમાં નવલકથાકાર તરીકેની તેમની જે કંઈ સીમીત શક્તિ હતી

તે ખર્ચાઈ ગઈ છે, નિવૃત્ત જીવનમાં બીજી પ્રવૃત્તિ જડતી નથી, તેથી સરસ્વતીચંદ્રને એળેબેળે લંબાવ્યા કરે છે, ગમે તેવા આડાઅવળા પ્રસંગોને જોડી દઈ, પોતાને જ ન સમજાતા હોય એવા વિષયો પર વાંચકોને બોધ આપે છે અને સૂકાઈ ગયેલી વાર્તાને ગમે તે ભોગે ટકાવી રાખી પાનાંઓનાં પાનાં ભર્યે જાય છે.

## મુનશી અને રમણલાલને વારસો

નવલકથાનો આકાર ઘડતાં ઘડતાં આત્મપરીક્ષાનાં હથિયારો પરની તેમની પકડ છૂટી ગઈ છે, તે હકીકતનાં બીજાં બે ઉદાહરણો હું આપું છું આ ઉદાહરણો એ વિચારે હું રજૂ કરું છું કે ગોવર્ધનરામ પછીના બે લોકપ્રિય નવલકથાકારોએ ગોવર્ધનરામમાંથી જે તત્ત્વો ઉપાડચાં તે સ્પષ્ટ થાય.

## ભાંગવાડીનું નાટક

પહેલો પ્રસંગ છે, ભાંગવાડીના કોઈ નાટક જેવો. તેનો નાયક છે મલ્લરાજ. તાત્યા ટોપીના માણસો રત્નનગરીથી વીસ ગાઉપર આવી પહોંચે છે અને તેના બે દૂત રત્નનગરીના રાજવીને ૧૮૫૭ ના બળવામાં સામેલ થવાનું આમંત્રણ આપવા આવે છે.

બળવાખોર લશ્કર, અન્ન અને ચંદી પૈસા આપીને લેવા માગે છે. પૈસા આપતાં ન મળે તો બળથી લઈ લેવાની ધમકી આપે છે. મલ્લરાજ પ્રધાનને કહે છે, "મ્હેં કંપની સરકારનો સાથ ઈષ્ટ ગણ્યો છે. મેરુ ચળે, ને સમુદ્ર માઝા મૂકે, પણ મલ્લરાજનું વચન ન ફરે. યુદ્ધનો વિચાર ચમકતાં મલ્લરાજને ક્ષાત્રઉત્સાહ ચડચો, એના પગ ફાળ મારવા તત્પર થઈ રહ્યા, ઓઠ ઉત્સાહથી સ્ફૂરવા લાગ્યા અને જમણો હાથ તલવાર અને તેની મૂઠ ઉપર નૃત્ય કરી રહ્યો." (૩-૧૫૬).

પછી "મલ્લરાજ કેડ ઉપર હાથ દઈ ખડખડ હસી પડચો." "મહારાજ ! આ પ્રસંગ સૂક્ષ્મ છે – હાસ્યનો નથી." (પ્રધાન બોલે છે) "મારા ભાયાતો આવે પ્રસંગે મારી મૂછના બાલ છે, તેમને હું આમળો કેમ દઉં છું અને વળ કેમ ચડાવું છું તે જોયા કર." (રાજા જવાબ આપે છે). ભાયાતો ભેગા થતાંની સાથે "મલ્લરાજ ઉપર શૂરોની પ્રીતિ આતુરતા અને યુધ્ધસમયની રાજ્યભક્તિની ધારાઓને તેમનાં ક્ષાત્રલોચનોમાંથી છોડવા લાગે છે."

સેનાધિપતિ સામંતનું વલણ બળવાખોરો તરફ હોવા છતાં બધા ભાયાતોને મલ્લરાજ વાક્છટાથી પોતાના કરી લે છે. અને સામંતને સંબોધે છે : "ધાર કે આપણા મત જુદા પડચા ત્યારે તું તારા મત પ્રમાણે વર્તશે કે મારા મત પ્રમાણે ?" આ ગજબ પ્રશ્ન સાંભળ્યા પછી સામંતનો હૃદયપલટો થઈ જાય છે. અને રાજાના આગળ વધતા સંવાદની વચ્ચેવચ્ચે "મને આદેશ આપો" એમ વારંવાર કહ્યા કરે છે. છેલ્લે મલ્લરાજ કહે છે : "સામંત, હું તારા પર પ્રસન્ન છું."

આબેહૂબ ભાંગવાડીનું નાટક ભજવાઈ રહ્યું છે. ગંદા રજવાડી પોષાકમાં કોઈ નટ બનાવટી મૂછ પર તાવ દઈને પતરાની તલવાર ખખડાવતો હોય તે દ્રશ્ય નજર સામે ખડું થાય છે. રાજ્યભક્તિનો અપૂર્વ નમૂનો, ક્ષાત્રશૂરાતનનો પરચો, અમાત્ય અને રાજવીની અતિ મહત્ત્વની મસલતો, બસ રંગીન નાટકમાં બાકી શું રહ્યું ?

આ જ ભાંગવાડીનું નાટક ફરી એક વાર ગુજરાતી પ્રજાને કનૈયાલાલ મુનશીની નવલકથામાં જોવા મળે છે. મલ્લરાજ, સામંત અને જટાશંકરના સંવાદોમાં, ભૂપસિંહના દરબાર પ્રસંગે બુદ્ધિધનને

યોજેલી કરામતો ઉમેરીએ એટલે કનૈયાલાલ મુનશીની નવલકથા લગભગ તૈયાર થઈ જાય. (બાકી રહે ફક્ત હ્યુગોમાંથી તારવેલા પ્રણયપ્રસંગો).

## સ્ટંટ બોલપટ

બીજા ઉદાહરણનો નાયક છે મણિરાજ. આગળ આવી ગયેલા સામંતનો પુત્ર મૂળુ રત્નનગરીના મલ્લરાજના દુશ્મન રાણા ખાચરની મદદ લઈને પાટલી પુત્ર મણિરાજનું ખૂન કરીને રાજગાદી પચાવી પાડવાનો પેંતરો રચે છે, ત્યાં સુધીની કથાવસ્તુ મુનશીએ અપનાવી એ આપણે જોઈ ગયા. હવે બીજા એક વિખ્યાત ગુજરાતિ નવલકથાકારના વારસાનું પોટલું બંધાય છે.

મૃગયા કરવા ગયેલા મણિરાજને તેના સાથીદારોથી છૂટો પાડીને મૂળુ દ્વંદ્વયુદ્ધ શરૂ કરે છે. મણિરાજ મૂળુના ઘોડાને બંદૂકની ગોળીથી ઠાર કરે છે. ઘોડો નાળામાં પડે છે. મૂળુ ભેખડમાં ગબડે છે. તેનાં શસ્ત્રો વેરવિખેર થઈને નાળામાં પછડાય છે અને તેમાંના કેટલાંક ઘોડાના મુડદા તળે ચંપાઈ જાય છે. મણિરાજ પોતાનાં શસ્ત્રો નાખી દઈને મૂળુ સાથે મલ્લયુદ્ધ કરે છે, જે નાળાની પેલી બાજુથી તેના સાથીદારો જોયા કરે છે. મૂળુને ચત્ત કરી મણિરાજ તેની છાતી પર ચડી બેસે છે.

કપટી મૂળુ એક હાથ છૂટો કરી વસ્ત્ર નીચે સંતાડેલી કટાર મણિરાજની છાતીમાં હુલાવવા જાય છે. અતૂલ બળથી નાગી તલવાર લઈને મણિરાજ તેનો કટારવાળો હાથ કાપી નાખે છે. હાથ કપાયા છતાં મૂળુ મણિરાજને છાતી પરથી ઉડાવી દે છે. મણિરાજ ઊડીને એવી ચતુરાઈથી પૃથ્વી પર પાછો પડે છે કે અદ્ધર લટકેલા બે પગથી તે મૂળુને જીવતો કેદ કરે છે. એક વખતના દોસ્ત મૂળુની આ અવસ્થા જોઈ મણિરાજની આંખમાં એક આંસુ આવે છે (આ જ તે મૂળુ જે પાછળથી જ્યારે બહારવટિયો પ્રતાપ કુમુદને નદીના વહેણમાં ઘસડી જતો હતો ત્યારે તેને મારી નાખે છે).

મણિરાજ જંગલમાં આગળ વધે છે. પાંચ છ દિવસ રહીને પાછા ફરતાં, નદીના તીરે બેઠેલી (રાણા ખાચરની પુત્રી) અને તેની સહેલીઓને જુએ છે. કમલા શિકારી છે અને રસિક છે. તે ઝરણાના પાણીમાં પગથી ગેલ કરતી હોય છે. એક સખી સૂચન કરે છે : "કમળાબા, આ પાણી ઉછાળતાં ઉછાળતાં ગાઓ જોઈએ" કમળાબા ગાયન લલકારે છે. મણિરાજ એક ઝાડની પાછળ ઉભો ઊભો બધું સાંભળતો હોય છે. ઓચિંતો છલાંગ મારીને તે કમળાબાને ઊંચકી લે છે અને ગોવર્ધનરામ ટાંકે છે કે નદીતીરે કમળાબા બેઠાં હતાં ત્યાં એક મગર આવી પાણીમાં ઊભો દેખાયો (૩-૩૨૨).

બે વચ્ચે વાર્તાલાપ થાય છે. મણિરાજ કહે છે : "પરસ્રી સાથે એકાન્તમાં હું રહેતો નથી. તમારે મારું કામ ન હોય તો મને રજા આપો." કમળાબા હાજરજવાબી છે. "રાજકુમાર, હું પરસ્રી નથી. હું અત્યાર સુધી કોઈની સ્રી થઈ નથી અને સૂર્યવંશી મણિરાજને મૂકી બીજાની સ્રી થવાની નથી. આપ કહો છો કે કામ ન હોય તો રજા આપો. પણ આપનું કામ તો મારું આયુષ્ય ખૂટે ત્યાં સુધી છે." થોડીક પળોમાં મણિરાજની છાતીમાં કમળાબાનું મુખ સંતાઈ જાય છે. પુરુષ સ્રીના પ્રેમમાં પડે તેના કરતાં સ્રી પુરૂષની પાછળ પડે એ ગોઠવણ વધારે ગલગલિયાં કરાવનાર છે તેની શોધ રમણલાલ દેસાઈના ઘણાં વર્ષો પહેલાં થઈ હતી એ આ પ્રસંગ પુરવાર કરે છે.

ગુણસુંદરીના કુટુમ્બની જંજાળો, કમળાબાની વાક્પટુતા અને મણિરાજનો ભુજપાશ ભેગાં કરો એટલે રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાનું વસ્તુ આવી રહે. કમળાબા અને મણિરાજની

જગાએ 'ક્ષિતિજ' નાં ઉલૂપી અને સુબાહુ મૂકીએ તો મોટો ફેરફાર થઈ જાય એમ હું માનતો નથી. (સિવાય કે રમણલાલ ગાંધીયુગમાં લખતા હતા. તેથી સુબાહુ કે તેમણે અહિંસાનો હિમાયતી બનાવ્યો છે.)

## અતિ - સરળ પાત્રો

ઉપરનાં બન્ને ઉદાહરણોમાંથી એ સ્પષ્ટ થાય છે કે ગોવર્ધનરામ કૃત્રિમતાનાં બંધનો તોડીને બહાર નીકળી શકતાં નથી. ગોવર્ધનરામે પાત્રો અને પ્રસંગો જોયાં છે પણ તેમને તેઓ સમજ્યા નથી. એમની યાદશક્તિ સર્વગ્રાહી પણ અવ્યવસ્થિત છે. એમને દેશી રાજ્યોનો જે અંગત અનુભવ થયો હતો અને હિન્દુ ગૃહસંસારનું ચિત્ર ડગલેપગલે એમને જોવા મળ્યું હતું તેનું વર્ણન તેઓ કરી શકે છે. પણ ક્યાંયે એ સાબિતી દેખાતી નથી કે તેઓ જે જોયું અને જાણ્યું તેને પચાવી શક્યા છે.

સરસ્વતીચંદ્રના પાત્રો કેવળ બે પરિમાણના છે.

ગુણસુંદરીના સસરા માનચતુરને વિશે એક જગ્યાએ લખ્યું છે : ''વૃધ્ધાવસ્થા પર્યંત ન છૂટેલી લંપટતામાંથી મહાન અને અસાધ્ય રોગને વશ થઈ ઘેર આવવું પડ્યું'' (૨-૪૫). પંદર પાનાં પછી આ જ માનચતુરને વિશે એમ કહેવામાં આવે છે કે તે ''અનીતિને રસ્તે ચડેલો ન હતો.''

ગુણસુંદરીની વ્યવહારકુશળતાનાં પારાવાર વખાણ થાય છે. તે સામાન્ય મધ્યમવર્ગના ઘરમાં ઉભા થતા વમળોમાંથી પોતાના ઘરનું નાવ કેવી સંભાળથી તરાવે છે તે દર્શાવવા એમને રસ્તો જડતો નથી, તેથી વારંવાર ગુણસુંદરી ઘરનાં માણસોને વશ કર્યા કરે છે : ''તેના ઘરમાં આનંદ અને સંપની સીમા ન હતી.'' (૨-૫૩). ''ઘરનાં સર્વ માણસોને તેણે આમ વશ કરી દીધાં.'' (૨-૮૫) ''ગુણસુન્દરીએ સર્વનાં મન હરણ કરી લીધાં અને સર્વને આલોક અને પરલોકનાં અવલોચક કર્યાં. આમ ગુરુ જેવી બનેલી ગુણસુંદરી કુટુમ્બમાં બહુ માન પામી.'' (૨-૧૨૭, ૧૨૮). ''ગુણસુંદરીના કુટુમ્બમાં સર્વ વાતે હવે સિદ્ધિ થઈ.'' (૨-૧૫૪).

થોડા થોડા દિવસે ગુણસુંદરીને સંપૂર્ણ વિજય મળ્યા જ કરે છે એ બતાવે છે કે લેખકના મનમાં એક બાજુએ હિન્દુ સંસારની વિટંબણાઓ હતી અને બીજી બાજુ સર્વગુણસંપન્ન નવવધૂનું પાત્ર હતું. આ બન્નેનો કેવી રીતે સુમેળ સાધવો. તેમાંથી વાર્તા કેમ ઊભી કરવી અને વસ્તુને સ્પષ્ટ કરે એવા પ્રસંગો કેવી રીતે ગૂંથવા તેની એમને આવડત નહોતી.

ખલકનંદા જમાલને ઉશ્કેરીને અલકકિશોરી પર બળાત્કાર કરવા મોકલે છે અને તે પછી શઠરાય દુષ્ટરાયનાં કાવતરાંઓ પકડાઈ જતાં તેની હાલત એવી બૂરી થાય છે કે રડતી રડતી સૌભાગ્યદેવીના પગમાં પડે છે. આવાં સ્થૂળ કાળાંધોળાનું અંતર એ હિંદી ચલચિત્રના દિગ્દર્શક માટે સહેલો કીમિયો છે. અને ખરું પૂછાવો તો નવલકથાના વાતાવરણને દૂષિત કરે છે.

પોલા પંડિત્યનું પ્રદર્શન : આવી જ જાતનો ખોટો સૂર બીજી એક બાબતમાં સંભળાય છે. પરણતાં પહેલાં કુમુદ અને સરસ્વતીચંદ્રની મુલાકાત થાય છે. બન્ને પાત્રો સ્વાભાવિક રીતે આનન્દમાં ડૂબી જાય છે. સરસ્વતીચંદ્રના પ્રશ્નોનો જવાબ મુગ્ધા આપી શકતી નથી. સરસ્વતીચંદ્ર ''કુમુદ, મારી કુમુદ'' એમ બોલી ઊઠે છે અને પછી ''માનસિક સ્નેહસંભોગના અનુભવથી નશો ચડ્યો હોય તેમ તે પાછો વેત્રાસન (ખુરશી) ઉપર ભારે સીસાની પેઠે પડ્યો અને પડ્યા પડ્યા આઘે ઊભેલી કુમુદસુંદરી

સાથે તેણે કલાકો સુધી નિર્દોષ પ્રમોદભર વાતો કર્યા કરી.'' (૨-૨૨૮). આ વર્ણનમાં વેત્રાસન અને તેના પછી કૌંસમાં લખેલો ખુરશી શબ્દ એ વાંચકને ઝાટકો મારીને ગોવર્ધનરામની પંડિતાઈનું ભાન કરાવે છે.

આવી જ જાતની પોલી પંડિતાઈ ચોથા ભાગમાં એક જગાએ ઘણી જ ખૂંચે તેવી રીતે રજૂ થઈ છે. વિષ્ણુદાસ સરસ્વતીચંદ્રના મૂર્ધ ભાગનું ઉપાઘ્રાણ કરી પાસે બેસાડી વાતો કરે છે. ત્યાં નોંધ છે કે ''મૂર્ધ ભાગ તે માથાનો ઉપલો ભાગ. તેનું ઉપાઘ્રાણ કરવું એટલે તેને સૂંઘવું. પ્રાચીન કાળમાં આ દેશના આર્યવડીલો પુત્રના મૂર્ધ ભાગનું ઉપાઘ્રાણ કરતાં. ૧૮૭૦-૭૧ માં ફ્રાન્સમાં એક મહાયુદ્ધમાં વિજય પામ્યા પછી જર્મનીના મહારાજે પણ પોતાના પ્રધાન બિસ્માર્કના મૂર્ધ ભાગનું ઉપાઘ્રાણ કર્યું હતું.'' (૪-૮૨૫-૨૬).

## સંસ્કૃતની અસર

આ પાંડિત્ય નવલકથામાં બિલકુલ બિનજરૂરી છે એમ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. સંસ્કૃત સાહિત્યની અસરનું પ્રતિબિમ્બ અહીં પડે છે એવો બચાવ નિરર્થક છે. સરસ્વતીચંદ્રમાં અસંખ્ય વખત નિબંધકારને જ છાજે અને નવલકથાના માધ્યમને અયોગ્ય એવી શૈલીના પ્રયોગો થયા છે જેમાંના બે જ ઉદાહરણો ઉપર મેં ટાંક્યાં છે. સંસ્કૃત સાહિત્યની અસર તો સરસ્વતીચંદ્ર પર છે જ. ત્રીજા ભાગમાં એક આખું સંસ્કૃત પ્રકરણ આવે છે. તે ઉપરાંત ઘણી જગ્યાએ સંસ્કૃત શ્લોકો અને કવિતા અને તેનાં ભાષાન્તરો લેખકે પુસ્તકમાં સમાવ્યાં છે. એક જગ્યાએ તો સંસ્કૃતની અસરનો રમૂજી દાખલો પણ જોવા મળે છે. ગૃહત્યાગ પહેલાં સરસ્વતીચંદ્ર ચંદ્રકાન્ત સાથે ઘર છોડીને જવાનાં કારણોની ચર્ચા કરે છે અને તે વખતે તે એને આવી રીતે સંબોધે છે : ''મૂર્ખ, તને ખબર નથી કે તેનો પ્રથમથી જ મને તિરસ્કાર છે'' ''મૂઢ ! અપકીર્તિ મને ભયંકર નથી.'' (૧-૨૫૦). (ચંદ્રકાન્ત આવા મિથ્યાભિમાની સાથે મિત્રતા જાળવી શક્યો એ એક આશ્ચર્યકારક બીના છે.)

## રાજકારણ અને કલ્યાણગ્રામ

આ આડંબર સરસ્વતીચંદ્રમાં છે તેનાથી વધારે ગોવર્ધનરામમાં છે. ગોવર્ધનરામને રાજકારણની મુદ્દલ સમજણ નથી. છતાં તેમણે પાનાંઓનાં પાનાં રાજકારણની ચર્ચાથી ભર્યાં છે. ગોવર્ધનરામનું રાજકારણનું જ્ઞાન એટલે ઘરગથ્થુ ડહાપણોની કહેવતોનો સંગ્રહ. એમનો આદર્શ રાજવી મલ્લરાજ અંગ્રેજોને દેવોનો અંશ માને છે. છાતી ઠોકીને કહે છે કે અંગ્રેજોએ રામરાજ્ય ફેલાવ્યું છે. એનો અમાત્ય જટાશંકર સમજાવે છે. ''મહારાજ ! હવે ઈંગ્રેજ અધિકારીઓ તે સાસુ અને આપ વહુ એવો સંબંધ બંધાયો.'' રાજા પ્રધાનને સમજાવે છે કે પ્રધાન ભાયાતોથી પરનાતના સારા, એનું કારણ : ''પરગૃહની કન્યા સાથે સ્વગ્રહનો પુત્ર જે કંઈ મંત્ર કરે તે કાંઈ ઓર જ થાય છે.'' છેલ્લા સંદેશા તરીકે એ પોતાના અમાત્યને ગર્ભબીજની જેમ થોડાં સૂત્રો આપી જાય છે. અહીં એમના રાજકીય વિચારોની વિશદ ચર્ચા કરવાનો અવકાશ નથી, પણ આવી કઠંગી કહેવતો અને વિચિત્ર ઉપમાઓ સિવાય ગોવર્ધનરામે રાજકારણને વિશે કંઈ વધારે ઊંડો વિચાર કર્યો હોય એવું લાગતું નથી.

તેમની કલ્યાણગ્રામની યોજના એ એક આદર્શ યોજના છે એમ માનવું એ ભૂલભરેલું છે. આ યોજના એવી છે કે સરસ્વતીચંદ્રના છ-સાત લાખ રૂપિયાની મૂડીની આવકનો ઉપયોગ ક્રમશઃ એક વર્ષે

આ દેશમાં વિદ્વાન, ધનવાન, વેપારી વર્ગ ઉત્પન્ન કરવામાં અને બીજે વર્ષે દેશની રંક પ્રજાના કલ્યાણનાં બીજ રોપવામાં કરવો. (ક્રમશઃ શા માટે ?) હોશિયાર છોકરાઓને પસંદ કરીને તેમને ત્રીસ રૂપિયાના માસિક પગારથી કોઈ વેપારીની પેઢીમાં કામ કરાવવું. તે પછી ચાર વર્ષ એણે પરદેશમાં ગાળવાં અને પછી પાછા બે વર્ષ સ્વદેશમાં ગાળવાં. આમ આઠ વર્ષ પછી જો એ યોગ્ય પુરવાર થાય તો ચાળીસ હજાર રૂપિયાની મૂડી દરેકને વ્યાપાર માટે આપવી. તે ઉપરાંત આ નરોને યોગ્ય એવી સુભદ્રાઓ ઊભી કરવા. "અંગ્રેજોની કુલીન સ્રીઓને સારા પગાર આપી, આપણી સ્રીઓમાં જતી આવતી કરવી ને તેમની વાર્તાથી અને સહવાસથી ઉચ્ચ જીવન શિખવાડવું." તે પછી અંગ્રેજો જેમ સિમલા, દાર્જલિંગ, મહાબળેશ્વર, નીલગિરિ જાય છે તેમ એક કલ્યાણગ્રામ ઊભું કરવું જ્યાં સરસ્વતીચંદ્ર અને કુસુમ જઈ શકે. આ કલ્યાણગ્રામમાં ત્રણ મઠની રચના કરવી, જેમાં અમુક મહેમાનોને રાખવા. વિહાર ભવનમાં દંપતીઓ વસે, કુમાર-ભવનમાં સ્રી વિનાના પુરુષો અને સ્રી ભવનમાં કુમારિકાઓ, સ્રીઓ અને પરિવ્રાજકો વસે તેવી વ્યવસ્થા કરવી. ત્યાં વસતાં વિદ્વાનો, શાસ્રીઓ અને કારીગરોને દસથી પચાસ રૂપિયા સુધી આજીવન માસિક વેતન આપવું. તે ઉપરાંત અહીં એક ખાસ અનેક ભવનોવાળું અતિથિપુર અથવા અતિથિ પરું રાખવું.

આખી યોજનામાં કશો જ દમ નથી. આવી યોજનાનો વિચાર કોઈ શેઠિયાને જ અથવા ગર્ભશ્રીમંત હોવાનો ફાંકો રાખતા માણસને જ આવી શકે. હિન્દુસ્તાનમાં થોડા વધારે વેપારીઓ ધંધો કરતા થાય એનાથી દેશનું કલ્યાણ થાય એ વિચાર ગોવર્ધનરામ જેવા નિષ્ફળ વેપારીને જ આવી શકે. જે જમાનામાં કૉંગ્રેસ જેવી મધ્યમ વર્ગની સંસ્થા રાજકીય વિકાસને માટે માગણીઓ કરી રહી હતી અને હિન્દુસ્તાનની કંગાલ સ્થિતિ બ્રિટિશ રાજ્યને આભારી હતી એ સ્પષ્ટપણે જાહેર હતું, તે જમાનામાં ગોવર્ધનરામ જેવા પ્રત્યાઘાતી પંડિતો જ એવું માની શકે કે અંગ્રેજો હનુમાન-સુગ્રીવના દૈવી વંશજો હતા, જેમણે દેશમાં રામરાજ્ય સ્થાપિત કર્યું હતું અને જે રામરાજ્યમાં માત્ર કમી હતી કહેવાતા વિદ્વાનોનાં ગોષ્ઠિ મંડળો સ્થાપવાની અને સાહસિક વેપારીઓ પાસે નાના-મોટા ધંધા શરૂ કરાવવાની.

## ઉપસંહાર

આ વિવેચન લેખ મૂળ ઉમાશંકર ભાઈના *સંસ્કૃતિ* માસિક માટે લખાયેલો. સમય ૧૯૫૦ ના દાયકાના અંતની આસપાસનો હશે. તેજ અરસામાં મારા જીવને એક મોટો પલટો ખાધો. મે ૧૯૪૮ થી કૉંગ્રેસમાંથી બાહર પડેલા સમાજવાદી પક્ષમાંથી ૧૯૫૨ માં રામરામ ઠોક્યા હતા. હવે ૧૯૫૬ ની અંતે રામમનોહર લોહિયાએ જુના સમાજવાદી પક્ષનુ પુર્નગઠન કર્યું અને મેં તેની સાથે પુર્નસંધાન કર્યું. સાથે સાથે ઑગસ્ટ ૧૯૫૬ થી મુંબઈના નામચીન ઉપનિવેશ જમાનાનાં અંગ્રેજી દૈનિક *ટાઈમ્સ ઑફ ઈંડિયા* જેનું હસ્તાંતર દાલમિયા-જૈન નામના હિંદી દલાલોના પક્ષમાં હમણાં - હમણાંજ થયું હતું, તે દૈનિક માટે પહેલ વહેલી વાર ઉત્તર હિંદુસ્થાનનાં શાસ્ત્રીય સંગીતના વિવેચક તરીકે સમીક્ષા લખવાનું શરુ કર્યું. આ બધી વિગતોની વિસ્તારથી ચર્ચા *મૅનકાઈંડ ના અવાર - નવારના નિબંધોમાં* આગળ ઉપર થયા કરશે. (નિંબધ માળાના પાંચમાં અને છઠા મણકા એટલે કે આત્મકથાના પહેલા બે પ્રકરણોં પ્રકાશિત થઈ ચુક્યા છે. વધુ પ્રકરણોં જેમ વખત મળશે, અને મળશે તો, લખાતા જશે.)

મે *સરસ્વતીચંદ્રના* પુર્નમૂલ્યાંકન સારું ખૂબ મેહનત કરી હતી. આજે અર્ધી સદી પછી પણ મને તે પસીનો પાડયાની જેહમત યાદ છે. ઉમાશંકર ભાઈએ તે લેખ ન છાપ્યો. હું ગુસ્સે થઈ ગયો. આજે, મોડો મોડો હું મારી ભૂલનો એકરાર કરું છું. ઉમાશંકરભાઈએ તંત્રી તરીકિનું પોતાનો કુદરતી હકક અજમાવ્યો હતો. એટલુંજ નહી, મારા જેવા નવા નિશાળીયાને માટે *સંસ્કૃતિની* ધારાઓ ખુલ્લી મુકીને તેમણે મને અમૂલ્ય પ્રોત્સાહન આપ્યું હતું. હું તો નરેશ્વરવાદી હોવાથી સ્વર્ગસ્થના આત્માની માફી માગવાની વાતતો કરી શકુ નહી, પણ ઉમાશંકરના ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાંના સ્થાન વિશે ચર્ચા કરનારા, આવનારા વિચારકોને જણાવું છું કે *સરસ્વતીચંદ્રના* પુર્નમૂલ્યાંકન વાળો મારો લેખ ન છાપવાનુ તેમનો નિર્ણય કદાચ વ્યાજબી હતો. મારો ગુસ્સો અસ્થાને હતો અને ગુજરાતી કલાવિવેચન *સંસ્કૃતિમાં* બંધ કરવાનો મારો નિર્ણય મિથ્યાભિમાની, બાલીશ અને સરાસર ખોટો હતો.

હું અહીં મારા મંતવ્યો બદલાયા હોવાનો એકરાર નથી કરી રહ્યો. પણ મારા લેખ દ્વારા ગોવર્ધનરામભાઈની લગભગ ઠેકડી ઉડાવાની ધૃષ્ટતા તરફ ઈશારો કરી રહ્યો છું. તે રમુજ *સંસ્કૃતિ* જેવા ગંભીર માસિકમાં છાપવાનું, તે વખતે, ૧૯૫૮ ની આસપાસમાં, ઉમાશંકરભાઈને યોગ્ય ન લાગ્યું હોય.

આપણે કહેવાતા સાક્ષર યુગનાં આગેવાનોની પ્રત્યે પૂજ્યભાવ પ્રદર્શિત અવિરત કરતા રહીએ છીએ, જે મારે મન અજુગતુ માનસ છે. વિવેકભંગ કર્યાવગર, અને કોમીવાદના શિકાર થયા વગર, એમ કહી શકાય કે આપણી બિચોલિયા સંસ્કૃતિએ નાગર-પારસી યુગ, જે સાક્ષર યુગનું સાચું નામ છે, તેને વધારે પડતું મહત્ત્વ બક્ષ્યું છે. (મુસ્લિમ લીગ એ અંગ્રેજોએ પ્રોત્સાહિત કરેલી મુસલમાનોમાં કોમીવાદ ફેલાવનારી સંસ્થા ૧૯૦૬ થી સ્થાપિત થયેલી નઠારી, નિંદીનય વસ્તુ હતી, એવું વિધાન બિલ્કુલ કોમીવાદી નથી.) થોડી રમુજ વૃત્તિને સાહજિક વાવ આપીને, સમતોલ સાચવતાં, વિશ્વનાં અને દેશનાં વિવિધ પ્રદેશોના સાહિત્ય પ્રવાહોની છણાવટ ધ્યાનમાં રાખતા, એ વસ્તુ સ્વીકારવીજ પડશે કે ગોવર્ધનરામ અને તેમના *સરસ્વતીચંદ્ર* નું સ્થાન સાવ ક્ષુદ્ર હતું.

તેજ અરસામાં લખાયલી ૧૮૯૮ ની ફકીર મોહન સેનાપતી ની ઓરીયા ભાષાની નાનકડી સુંદર નવલ છ *માના આઠ ગુંઠા* (સાહિત્ય અકાદમીનું અંગ્રેજી ભાષાંતર *સિક્સ એકર્સ એન્ડ એ હાફ મેં મેનકાઈન્ડમાં* સંપૂર્ણ છાપ્યું હતુ, જાન્યુઆરી ૧૯૯૭ થી કટકે કટકે ઑક્ટોબર ૧૯૯૭ સુધી) તેની સાથે *સરસ્વતીચંદ્રની* સરખામણી કરવા જેવી નથી.

એટલુજ નહી પણ ગોવર્ધનરામના જેવીજ, બિચોલિયા-દલાલ સંસ્કારવાળા તેમનીજ જાતનાં ભદ્રલોક બંગાલી બાબૂઓ, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય, રવી ઠાકૂર, ઈત્યાદી ગોવર્ધનરામથી વિચારની વિશાળતા અને તીક્ષ્ણતાની બાબતમાં અનેક ફલાંગો આગળ હતા.

વિશ્વસાહિત્યના પ્રવાહોની તો વાતજ ન કરવામાં શાણપણ છે. ટૉલસ્ટાયની મહા નવલ *યુદ્ધ અને શાંતિ*, ૧૮૬૩-૯ થીજ પોતાનું અજોડ અને અદભુત સ્થાન પ્રાપ્ત કરી ચુકી હતી. (*યુદ્ધ અને શાંતિનું* ગુજરાતી ભાષાંતર મારા સમાજવાદી મિત્ર જયંતી દલાલે કર્યુ છે.)

હું, હાલના ઘણાં બધા બિચોલીયા દલાલ જીવોની જેમ, પાશ્ચાત્ય ધોળાઓંના સમાજ અને સંસ્કૃતિના, અને પૈસાની રેલમ છેલના, ભારોભાર વખાણ કરતા ન થાકનારો, સિમિત પૂંજીવાદી ક્ષિતિજના વિધાનોંમા રાચનારો, ઉધમી કીડો નથી. સમગ્ર વિશ્વના વાર્તાસાહિત્યના ઉદ્‌ગમસ્થાન

રહેલા ભારતવાસી માટે એટલું બધુ લળવાનુ મને ફાવે પણ નહિ.. ભાષાશાસ્ત્રના આદ્ય પિતા મહામહર્ષી પાણિની અને લયબદ્ધ ઉચ્ચારણનાં પ્રખર વિદ્વાન પિંગળને યાદ કરતાની સાથે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશની કેટલીએ શાશ્વત રચનાઓની ભવ્યતાનો ખ્યાલ આવી જાય છે. ત્યાર બાદ પ્રાદેશિક છાવણીઓમાં જન્મેલી વિવિધ ઉર્દુઓની (ઉર્દૂ એટલેજ છાવણી) હાર માળાના વારસામાં મળેલી આપણી સંપત્તિ અને આશરે સાથે સાથે જન્મેલી પ્રાદેશિક ભાષાઓનું રંગબેરંગી ખેડાણ, આજના અંગ્રેજીની ગુલામી ભોગવતા બિચોલિયા - દલાલ સંસ્કારોને તુચ્છ બનાવી દે છે. આપણી કહેવાતી પ્રાદેશિક ભાષાઓંના સાહિત્યોનો ઈતિહાસ લગભગ હજાર વર્ષનો છે અને તે ભાષા વાપરનારાઓની સંખ્યા ઈંગ્લડ ની વસ્તી કરતા અનેક ઘણી હમેશાં રહી છે.

એટલેજ સમય અને સ્થાનનુ પળેપળ ભાન રાખતાં, મને અર્ધી સદી પછી પણ, ઉમાશંકરભાઈના નકારાત્મક નિર્ણયને પડકારવાનું મન થાય છે. ૧૯૫૦ ના દાયકાના અંતે મારા પુર્નમુલ્યાંકનના બહાને *સરસ્વતીચંદ્ર* અને ગોવર્ધનરામ વિશેની ગંભીર ચર્ચા શરૂ થઈ ગઈ હોત, તો પરિણામે ગુજરાતી વિવેચન સાહિત્યને ફાયદોજ થતે. મારે થોડી ગાળો ખાવી પડતે, પણ એક લોહિયાવાદી માટે તેથી કશૂં ડરવા જેવુ નહોતું.

ખેર, ભૂતકાળ બદલી શકાતો નથી.

હું ઉમાશંકરભાઈ પ્રત્યેનુ ઋણ ભુલવાનો નથી. અને મારા *સંસ્કૃતિમાંના* વિવિધ કલા પ્રકારોના વિવેચનના પ્રયોગોને વાચનયોગ્ય આજ પણ માનું છું.

હવે, સહેજ ફંટાઈને, આપણે મુખ્ય પ્રવાહને ફરી પકડી પાડશું.

કાર્લ માર્ક્સ (૧૮૧૮-૮૩) એક અવ્વલ દરજ્જાનો પત્રકાર હતો. એથી વિશેષ કશુંજ નહી. અને ફાંકો હતો કે તે પોતે ઈતિહાસવેત્તા હતો. તેવી ગૈર સમજ ઘણા પત્રકારોને થાય છે, જેમનું ભાયું માર્ક્સના કરતાં પણ ઘણું બધુ ટુંકુ હોય છે. એમ કહો કે આ સફળ પત્રકારિતાનો તે વ્યવસાયિક રોગ છે.

હકીકતમાં ૧૯ મી સદી શાહીવાદની જાહોજલાલીની હતી, જેને સમજવી કપરું કામ નહોતું. કારણ શાહીવાદી અત્યાચારો ઉઘાડ છોગે થતાં અને વિશ્વની પ્રજાને રંજાડવાનું કાર્ય શરમાયા વગર ચાલતું. તકલિફ એ હતી કે માર્ક્સનુ ક્ષિતિજ એકદમ સીમિત હતું.

યુરોપના વાયવ્ય વિભાગમાં તે સમાઈ જતું હતું. માર્ક્સના જ્ઞાનની સીમાઓ એકદમ સાંકડી હતી : થોડુક અંગ્રેજ અર્થશાસ્ત્ર, અછડતું ફ્રેંચ રાજકારણ, અને ઉપર છલ્લુ જર્મન તત્ત્વજ્ઞાન, બસ આટલુંજ એને પલ્લે પડ્યું હતું. ધોળા ખ્રિશ્ચન યુરોપના વાયવ્ય ક્ષેત્રમા આવેલા ઉત્તર સમુદ્રના કાંઠાંના વિભાગમાં એનુ મન ભમતું. માર્ક્સનુ ચિંતન અને વાંચન આ વાયવ્ય યુરોપની ગીચોગીચ સરહદોની બાહર નિકળ્યું નહોતું. છતાં તેના મિથ્યાભિમાન ની કોઈ હદ્દ નહોતી. પોતાનાજ જીવનકાળ દરમ્યાન ચાલના પામેલી ચાર ધસમસતી રાષ્ટ્રવાદી ચળવળોમાંથી એકને પણ માર્ક્સ પીછાણી શક્યો નહોતો.

૧. લૅટિન અમેરિકામાં, મેક્સિકોથી અર્જેટીના ચિલીને છેડે આવેલી, દક્ષિણ ધ્રુવના ખંડથી તેમને છુટી પાડતી, મેગેલૅનની ખાડી સુધીની, દક્ષિણ અને મધ્ય અમેરિકાના લાખો ચૌરસ માઈલના લગભગ દોઢ ખંડના વિસ્તારમાં, બોલિવાર, ઓહિગિન્સ, સાન માર્ટિન, વગેરેના નેતૃત્વ નીચે પંદર-વીસ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળો સફળ થઈ ગઈ હતી. ખાસ કરીને ૧૮૨૦ થી ૧૮૪૦ નાં ગાળામાં.

આનો અણસાર પણ માર્ક્સને થયો નહોતો.

૨. ૧૮૬૮ માં જાપાનમાં મેઇજી સત્તાની પ્રબળ પુર્નસ્થાપના થઈ. ૧૭૬૫ સુધી, બલ્કે ૧૯ મી સદીની શરુઆત ના ૧૮૨૦ સુધી, હિંદુસ્તાનની અર્થવ્યવસ્થા, જાપાન કે લૅટિન અમેરિકાથી ઘણી વધારે વિકસિત હતી. અહીંની આયાત કરતાં નિકાશ નિરંતર વધુ રહેતી અને યુરોપના દેશો, ઈંગ્લંડસહ, ૧૮ મી સદી દરમ્યાન ભારતની ઔદ્યોગિક પૈદાશપર સરેરાશ ૭૦ થી ૪૫૦ ટકા જેટલો આયાત કર નાખતાં. છતાં રાજકીય સ્વાતંત્ર્યના આધારે જાપાને પોતાનો માર્ગ બળપૂર્વક ખુલ્લો કરી નાખ્યો અને જાપાન આજે સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાથી બીજા નંબરની વિશ્વની આર્થિક તાકાત તરીકે ઉભરી આવ્યું છે. આ જબરજસ્ત વિકાસના બીજ ૧૮૬૮ ની મેઈજી ક્રાંતિ વડે રોપાયેલા અને આ બાબતમાં પણ માર્ક્સનું જ્ઞાન મીંડુ હતું.

૩. ૧૯ વી સદીના છેલ્લા ત્રીસ વર્ષોમાં રશિયા એક સ્વતંત્ર પૂંજીવાદી રાષ્ટ્ર બની ગયું. આ વિધાન આપણે લેનિન, બુખારીન, સ્ટાલિન અને રાયકૉવે લખેલા ગ્રંથ *રશિયન ક્રાંતીનો સચિત્ર ઈતિહાસ* (માર્ટીન લૉરેન્સ, લંડન, ૧૯૨૮ પૃ.૩) માંથી જડી આવશે. માર્ક્સ અને એંગલ્સ કેટલાક રશિયન વિચારકો અને ક્રાંતિકારીઓના સંપર્કમાં હતા. (જુઓ માર્ક્સ અને એંગલ્સ, *ચુટેલો પત્રવ્યવહાર*, લૉરેન્સ વિશાર્ટ, લંડન, ૧૯૩૬) પણ આ પૂંજીવાદી ક્રાંતીની સફળ પ્રગતીના મહત્ત્વને પારખી શક્યા નહોતા. તેમને માટે અંગ્રેજ શાહીવાદી પામર્સ્ટને છેડેલા ક્રિમિયન યુદ્ધ (૧૫૫૬-૫૯) માં તેમનો પસંદગીનો પક્ષ ઈંગ્લંડ-ફ્રાન્સ-ટર્કી-સાર્ડિનિયા વાળો હતો અને રશિયા તેમનું કાળુ દુશ્મન હતુ. આજ સમયે હિંદુસ્તાનમાં બળવો ફાટેલો, અને પામર્સ્ટને નિમેલો અહીંનો વાઈસરોય કૅનિંગ, હિંદુસ્તાનના રાષ્ટ્રવાદી બળવાખોરોને તોપોંના મોંઢાપર બાંધીને ઉડાવી દઈ રહ્યો હતો. માર્ક્સની શાહીવાદી નીતી, જે આમતો પૂંજીવાદની વિરૂદ્ધની હતી. પણ તે વિરોધ કેટલો ઉપર છલ્લો હતો તે વસ્તુ, ઉઘાડી પડી ગઈ. માર્ક્સના લખાણોં પામર્સ્ટનના પક્ષમાં અને રશિયાની વિરુદ્ધ, અને હિંદુસ્તાનના ક્રાંતિકારીઓંની વિરુદ્ધ એક સામટા, એક સમયે એને પ્રગટ કરવા પડ્યા. લેનિનની વ્યાખ્યા પ્રમાણે શાહીવાદ, પૂંજીવાદની છેલ્લી આવૃત્તિ હતી. પણ માર્ક્સ ને તે વ્યાખ્યા માન્ય નહોતી. માર્ક્સ પૂંજીવાદનો દુશ્મન, પણ શાહીવાદનો હિમાયતી હતો. આવી વિચિત્ર, આંતરિક વિરોધથી પીડાતી, વિચારસરણી માર્ક્સે પોતાના લખાણોમાં સમાવી હતી.

માર્ક્સ તો બે ડગલા આગળ વધીને પામર્સ્ટન કૅનિંગની ભયાનક નીતીને પ્રોત્સાહન આપી રહ્યો હતો. એ લખી ગયો છે : 'ખરો પ્રશ્ન એ નથી કે અંગ્રેજોને ભારતને સર કરીને કબ્જે કરવાનો હક હતો કે નહી. સાચો પ્રશ્ન એ છે કે આપણે શું પસંદ કરશું, એવું હિંદુસ્તાન કે જે તુર્કો, પર્શિયનો કે રશિયનોના હાથમાં હોય કે જે ઈંગ્લંડને કબ્જે હોય ?' (માર્ક્સ અને એંગલ્સ, *ધી ફર્સ્ટ ઈંડિયન વૉર ઑફ ઈંડિપેંડસ*, પ્રોગ્રેસ પબ્લિશર્સ, મૉસ્કો, ૧૯૫૯, પૃ. ૨૯)

૪. હવે ચૌથા રાષ્ટ્રવાદી પ્રવાહ તરફ વળીએ. અમેરિકા પોતે સ્વતંત્ર થયું અંગ્રેજોની સામે લડીને, ૧૯૭૫ થી ૮૧ ના અરસામાં. આજની તેની બડાશ સાવ પોલી છે કે કેવળ પોતાના સ્વપ્રયત્નના જોરે, તે જમાનાંની 'તેર વસાહતો', અમેરિકાના સંયુક્ત રાષ્ટ્રના સ્વરુપમાં પરિણમી. યુરોપની બીજી મહાસત્તાઓ, ફ્રાન્સ, હૉલેંડ અને સ્પેને, અમેરિકાને પૈસા અને લશ્કરની જબરદસ્ત મદદ કરી હતી, અને તેથીજ તેનાથી ઈંગ્લંડને હંફાવી શકાયું (જુઓ એનસાયક્લોપીડિયા *બ્રિટાનિકા*, ૧૯૭૩ ની

આવૃત્તિ, ભાગ ૧, પૃ. ૭૭૬-૭૮૩). અને આ યુતિની મદદથી હાંસલ કરેલી જીતના આધારે, ૧૮૨૩ થીજ 'મોન્રો ડૉક્ટરીન' નો પ્રભાવ શરુ થયો. આ કહેવાતા સિદ્ધાંતને આધારે અમેરિકાએ જાહેર કર્યું કે યુરોપની સત્તાઓ હવે પછી યૂ.એસ.એ. એટલે અમેરિકન સંયુક્ત મહાસંઘની જાણ અને રજા વગર મધ્ય અને દક્ષિણ અમેરિકાના બે ડઝન જેટલા રાજ્યોંની આંતરિક બાબતોમાં દખલ નહીં દઈ શકે, જેમકે લશ્કરો કે નૌકાદળોં પાઠવવા કે દેવાવસુલી માટે અન્ય પ્રયાસો કરવા. ઉત્તર અને દક્ષિણ અમેરિકાના બન્ને ખંડો પોતાની સ્વાયત્તાપર હવે પછી કોઈ પણ બાહ્ય પ્રહાર સહન નહી કરે.

માર્ક્સ 'મોન્રો સિદ્ધાંત' ની બાબતમાં પણ અજાણ હતો, કારણ કે રાષ્ટ્રવાદનેજ તે સમજ્યો નહોતો. પામર્સ્ટન સાથે તેણે છુપી રાજકીય સંધિ કરી હતી. અને ભારતીય રાષ્ટ્રીય ચળવળનો તે દુશ્મન બની બેઠો હતો.

એ હમેશા ધ્યાનમાં રાખવા જેવું છે કે લૅટિન અમેરિકા, જાપાન, રશિયા અને અમેરિકા, ચારેય, ઓગણીસમી સદી પહેલા, આર્થિક બાબતમાં હિંદુસ્તાનથી ઘણાં વધારે પછાત હતા. રાષ્ટ્રવાદના આધારે સ્વતંત્ર માર્ગ આખત્યાર કરીને તે બધાં ભારતથી આગળ વધી ગયા. જો આપણો દેશ પણ સ્વતંત્ર થઈ ગયો હોત, તો આપણે પણ જબરી આર્થિક પ્રગતી સાધી શક્યા હોત.

ખેર, હવે આપણે મુખ્ય પ્રવાહને પકડી લઈશું અને *સરસ્વતીચંદ્રના* વિવેચનમાં ફરી ઝંપલાવશુ. આપણે આગળ કહ્યું તેમ, આ પારસી-નાગર દલાલ-બ્રોકર-કમિશન એજંટ-બિચોલિયા ની સંસ્કૃતિનો યુગ હતો. તેના અગ્રગણ્ય પ્રતિનિધિઓ હતા વકીલો અને નોકરીયાતો. શાહીવાદેજ ઉભી કરેલી કાયદાની નવીન માયાજાળમાં ગરીબ દેશવાસીયો કરોળીયાના જાળામાં તરફડીયાં મારતી માખોની જેમ વલખાં મારી રહ્યાં હતાં.નવી યુનિવ્હર્સિટીયો પણ તેજ અરસાંમા સ્થપાઈ અને તેના સ્નાતકો વકીલો બની નવા તંત્રના કહ્યાગરા નોકરો થઈને સેવા બજાવતા હતા.

સાથે સાથે આડતીયાઓ, દુકાનદારો, હજાર પ્રકારના દલાલો અને બ્રોકરો તો નવી વિતરણ વ્યવસ્થાના અવિભાજ્ય અંગો બન્યા હતાજ. આ બધા બિચોલીયાઓ એકઠા થઈને દરવર્ષે ક્રિસમસની રજાઓમાં સભાઓ અને મેળાવડા યોજતા. આવી એક સભા તે ઈંડિયન નૅશનલ કાઁગ્રેસના નામે પ્રખ્યાત થઈ અને તેને વાઈસરાય ડફરીન અને તેના ગૃહસચિવ એ. ઓ. હ્યૂમના આશિર્વાદ સાંપડ્યા. ઍલન ઑક્ટીવિઅન હ્યૂમ તો કાઁગ્રેસનો આદ્ય સંસ્થાપક હતો એટલુજ નહી પણ ૧૮૮૫ થી ૧૯૦૭, ૨૨ વર્ષ સુધી, કાઁગ્રેસનો મહાસચિવ પણ રહ્યો. (જુઓ આર. સી. મજુમદાર સંપાદિત *હિસ્ટરી ઍન્ડ કલ્ચર ઑફ દિ ઈંડિયન પીપલ*, ખંડ ૧૦, ભાગ ૨, પૃ. ૫૨૪-૬૯)

શાહીવાદના આશ્રય હેટળ સ્થાપિત થયેલી, બિચોલિયા-દલાલનું કામ કરતી, કાઁગ્રેસના એક અધિવેશનમાં ગોવર્ધનરામ ભાષણ પણ કરી આવ્યા હતા. (મારા દાદા જગન્નાથ ઈચ્છારામ પુરોહિત, પણ એક-બે કાઁગ્રેસના અધિવેશનમાં મારા મોટા મામા એમ.એમ. વ્યાસ સાથે સભાસદ-પ્રતિનિધી તરીકે હાજર રહ્યા હતા.)

આ બધાં બિચોલિયાઓ, મુખ્યત્વે વકીલો, નોકરીયાતો અને વેપારીઓ, નું કામ હતુ ભારતીય જનસમાજ અને શાહીવાદી સત્તા વચ્ચે મધ્યસ્થી કરવાનું, અને દુભાષીઆઓ તરીકે ફરજ બજાવવાનું. અને તે કામ બદલ ગાળો ખાઈ જવાનો તેમનો અધિકાર હતો.

આ મેહનતાણા રુપે એક નૂતન બિચોલિયા સંસ્કૃતિએ જન્મ લિધો. કોઈ પણ વિચાર કે તર્ક ને છેવટ સુધી ખેંચી લઈ જવો નહી. સમન્વય વૃત્તિ અને વ્યવહારકુશલતાના આધારે ગંભીર થી ગંભીર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને પણ મારી મચડીને રોજીંદા જીવનમાં અપનાવી લેવો. જેમકે કૉંગ્રેસના વાર્ષિક મેળાવડાઓ અથવા અધિવેશનોમાં સ્વાયત્તતાની માગણી કરતા રહેવી. પણ સાથે સાથે દાયકાઓ સુધી અંગ્રેજ રાજા પ્રત્યે વફાદારી નો પ્રસ્તાવ પણ સર્વાનુમતે પસાર કરતા રહેવું !

ખરું પૂછાઓ તો આ જાતનો બિચોલીયાવાદ, તકસાધુપણાનું બીજું નામ હતું.

ગોવર્ધનરામની વ્યવહારકુશળતા અને સમન્વયવૃત્તીને પરાકાષ્ઠાપર પહોંચાડી *સરસ્વતીચંદ્ર*ના ચોથા ભાગના અંતે આકાર પામેલા એમના નાયકના, નાયિકા કુમદની નાની બેન કુસુમ સાથેના લગ્ન આજ બિચોલિયાવાદનું પ્રતીક હતું. સેંકડો પાનાઓપર દિવ્ય પ્રેમના ટાહેલાઓનુ નિરુપણ કરીને અંતે નાયક સરસ્વતીચંદ્રે વ્યવહારકુશળતાનો માર્ગજ અપનાવ્યો. કારણ નાયિકા કુમુદ વિધવા બની ચુકી હતી અને કલ્યાણ ગ્રામની કહેવાતી મહાયોજનામાં કુમુદનું બીજી વારનુ લગ્ન સર્વસામાન્ય ન થઈ શકે. એટલે આદર્શવાદને નર્યા ટાહેલાઓ ગણી લેવામાં ગોવર્ધનરામને હરકત નહોતી. (આ વ્યવહારકુશળતાની વિશદ ચર્ચામાટે જુઓ મારા જુના મિત્ર રમણલાલ જોશી નો અહો ભાવના સાથેનો લેખ, જે *ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ* ના ગ્રંથ ૩ માં ગુજરાત સાહિત્ય પરિષદે ૧૯૭૮ માં પ્રકાશિત કર્યો છે.)

આમાં સૌથી મોટું શાહીવાદી તૂત ગોવર્ધનરામે શિરસાવંદ્ય માન્યુ છે. આપણાજ દેશની બધી સંપત્તિ લૂટીને અંગ્રેજોએ આગ્રહ કર્યો કે આપણે, ભારતીય જનસમાજને, ભૌતિક બાબતોમાં કંઈ રસજ ન હોતો. આપણે તો અધ્યાત્મની બારીકાઈઓમાંજ રાચતાં. આપણે ત્યાનું જર જવેરાત, માલ મલીદો, પાકઉપજ બધુ લૂંટીને (જુઓ *મૅનકાઈંડ ગ્રંથમાળાના અવાર - નવારના ગ્રંથમાળાનો મણકો નં ૨ : એ નૉન-કાંપ્રૅડોર એકાઉંટ ઑફ઼ ધિ બ્રિટિશ લૂટ ઑફ઼ ઈંડિયા*, નોવ્હેંબર ૨૦૦૪), શાહીવાદે બળતાની ઉપર ડામ ચોપડ્યો કે ભારતવાસીઓ તો અધ્યાત્મમાં એટલા ડુબેલા રહેતા કે તેમને ભૌતિક પદાર્થોમાં રસજ નહોતો. લૂટેરો બધુ ચોરી ચપાટીને ઘરના માલિકને કહે કે તમને મિલકતમાં ક્યાં રસ હતો ?

ખરું પુછાઓ તો હજારો વર્ષો થી વિશ્વ સાથેના સમગ્ર વ્યાપારમાં આપણું પલડુ હમેશા ભારે રહ્યું હતું. આપણને લૂટીનેજ તો અંગ્રેજી ઔદ્યોગિક ક્રાંતિ પહેલી વાર સફળ થઈ ૧૭૬૫ થી ૧૮૬૦ ની સદીમાં (જુઓ ઉપરનો મણકો ૨ નું પૃ. ૧૪) આ અંગ્રેજી ઔદ્યોગિક ક્રાંતી, ભારતનું નિરુદ્યોગીકરણ, ગ્રામીણકરણ અને ભિખારીકરણ કરીને, આપણા ગરીબ દેશવાસીયોમાંના સાડા આઠ કરોડ જીવોને ભરખી ગઈ. (જુઓ ઉપરનો બીજો મણકો, પૃ. ૨૦ પરનું કોષ્ટક, જે કોષ્ટક વાડીઆ અને મર્ચંટ ના પુસ્તક *આપણી આર્થિક વીમાસણ*, વોરા એન્ડ કંપની મુંબઈ ૧૯૫૯, પૃ. ૮૭-૮૮, ના આધારે રચાયલું છે.) ગોવર્ધનરામને આ હકીકતની મુદ્દલ ભાળ નહોતી. એમને તો કલ્યાણગ્રામની મહાયોજનામાં રાચીને થોડાક આડતિયાઓને વેપાર કરતા શરૂ કરવા હતા.

ન તો અમને ભાન હતું શાહીવાદી ગતિવિધિયોનું, કે ન તો એમને રસ હતો દેશ-વિદેશ કે દેશના વિવિધ પ્રાંતો ના સાહિત્ય પ્રવાહોનું. ટૉલસ્ટાયનુ *યુદ્ધ અને શાંતિ* કે ફ઼કીરમોહન સેનાપતી નું *છ માના આઠ ગુંઠા*, કે એવા બધા પુસ્તકો અને સાહિત્ય પ્રવાહોથી તે સંપૂર્ણ અજાણ હતા. તેવા અજ્ઞાનની બુનિયાદપર આપણે શું મોટી ઈમારત રચી શકીએ ?

જો આપણે નવું પ્રસ્થાન કરવું હશે, જો નવનિર્માણ થયેલા ભારતમાં શોષણમુક્ત, સમાનતાયુક્ત સમાજની રચના કરવી હશે, તો આપણે ઉપનિવેશ કાળની જંજાળોને ફગાવી દેવી પડશે. અંગ્રેજ સમાજ પોતે પરિવર્તનની પ્રક્રિયામાથી પસાર થઈ રહ્યો છે. ટોની બ્લેઅર, અંગ્રેજ વડા પ્રધાને અંગ્રેજ પ્રજાએ આગેવાની કરેલા ગુલામ વ્યાપારને માટે આફ્રીકાની પ્રજાની માફી માગી છે, અને પોતાના દેશવાસિયોએ કરેલા ઘાતકી કૃત્યો પ્રત્યે દિલગીરી વ્યક્ત કરી છે. અંગ્રેજ સંસ્કૃતીની સર્વોપરિતાનો વિચાર સુદ્ધા કોઈને આજે આવતો નથી. દેશી રાજ્યોની ઘૃણાસ્પદ વ્યવસ્થા આજે ઉઘાડી પડી ગઈ છે અને રાજાઓ આજે શૂન્યવત થઈ ગયા છે.

ગોવર્ધનરામ તેમના સમયની રાજવી અને ઠાકરડાઓને ડહાપણના ભંડાર સમઝતા. આજે તેમનો કોઈ ભાવ પૂછતો નથી અને તેમને મળતા મફતના વર્ષાસનોનો પણ અંત આવી ગયો છે.

મીનૂ મસાણીએ થોડાક દાયકા પહેલા રહયાસહયા એક વખતના પારસી અફીણના વેપારીઓ અને સડી ગએલા રજવાડાના અવશેષોનો શંભૂમેળો કરીને સ્વતંત્ર પાર્ટીની રચના કરી હતી. (દેશી રાજ્યોંની સાચી દાસ્તાનને માટે જુઓ કન્હૈયાલાલ ગૌબાનું પુસ્તક એચ.એચ., (ટાઈમ્સ પ્રેસ, લાહોર, ૧૯૩૦) તેવા નઢારા અવશેષો માટે યાદ કરો હમણાજ ઉઘાડો પડેલો નટવર સિંહનો કિસ્સો, જેણે કરોડો રુપયાનો ગફલો કૉંગ્રેસ પાર્ટીના નામે ઈરાકમાં કરી નાખ્યો. સ્વતંત્ર પાર્ટીનો તો લોપ ક્યારનો થઈ ગયો છે, અને આજે એનું નામ પણ કોઈ યાદ કરતું નથી.

ગોવર્ધનરામના પારસી-નાગર યુગની દયનીય હાલત થઈ ગઈ છે. તેવા જુના જમાનાના વિચારો અને સાહિત્ય કૃતિઓના આજે કોઈ ગુણગાન કરે તે બેહુદી બિના છે. આપણે ભૂતકાળ બદલવો નથી. પણ ભૂતકાળ પ્રત્યેની દષ્ટિ બદલવીજ પડશે. નવા સાહિત્યની સાથે સાથે નવી દષ્ટિએ સાહિત્યનો ઈતિહાસ તપાસવોજ પડશે. ગોવર્ધનરામના અજુકતા વખાણ આજે કરવા બેસીએ, તો ઈતિહાસના પ્રવાહ સામે ફાંફાં મારવા જેવું થાય. અને આજની પેઢીપરનો બોજે અસહ્ય થઈ જાય.

અંગ્રેજોએ આપણી ઉપર સત્તરસો પાસઠ થી ઉગણીસસો સૂડતાલીસ સુધી અસહ્ય ક્રૂરતાથી સીધેસીધું રાજ ચલાવ્યું. (જુઓ મૅનકાઈડના અવાર-નવારના નિબંધમાળાનો બીજો મણકો *બ્રિટને ભારતપર ચલાવેલી લુટ : એક બિન : બિચોલિયા વૃત્તાંત)* ભારતનું નિરુધોગીકરણ, ગ્રામીકરણ અને ભિખારીકરણ કરી નાખ્યું. પોતેજ યોજેલા દુષ્કાળો માર્ફત સાડા આઠ કરોડથી વધુ ગરીબ કારીગરો અને કિસાનોને ભરખી લિધા. વાર્ષિક સૌ કરોડ રૂપયાથી વધુ પુંજીનું નિષ્કાસન કર્યું અને અસંખ્ય બીજા રંગદ્વેષી કૌમીવાદી રમખાણો યોજ્યા. ગોવર્ધનરામ જેવા વકીલો અને બિચોલિયાઓ તો ન્યાયાલયોમાં ઉભા રહીને અંગ્રેજ સત્તા પ્રત્યેની વફાદારીનું સનદ રજું કરતા. એટલાજ માટે તો ગાંધીજીએ વકીલોને ન્યાયાલયો છોડવાનું કહ્યું. આવા બિચોલિયાના વખાણ તેજ કરી શકે જેને ગુજરાતી સાહિત્યના ભવિષ્ય ની કોઈ પરવાજ નથી. મને ગુજરાતી સાહિત્ય પ્રત્યે ચિંતા અને લગાવ બન્ને છે.

અસ્તુ.

## વિનાયક પુરોહિત : એક જીવનરેખા

જન્મ : ૧૯૨૭, કલકત્તા ખાતે

અગસ્ત ૧૯૪૨ ની ચળવળના સ્વાતંત્ર્ય સૈનિક;
ખોપરી ભાંગી તે શીવાજી ઉદ્યાનના કિનારે ૯.૯.૪૨ ના રોજે, પોલિસના અત્યાચારના લીધે;
ત્રણ વખત ધરપક્કડ : પહેલી વાર પોલીસ સીપાહીને મશાલ વડે જાળવાના પ્રયાસ સારૂ; બીજી વાર પ્રતિબંધિત સાહિત્યના ઉત્પાદન અને વિતરણના કારણે; ત્રીજીવાર ગુનાહ પૂર્વેની નિવારક ગિરફ્તારી, વર્લી જેલ ખાતે, મુંબઈમાં.

કામદાર યુનિયનના કાર્યકર્તા ૧૯૪૮ થી ૧૯૫૨; સામાન્ય મંત્રી, બોમ્બે પ્રેસ એમ્પલોઈઝ યુનિયનના સમાજવાદી પક્ષના સભાસદ તરીકે; ફરી સમાજવાદી પક્ષ સાથે જોડાણ ૧૯૫૬ માં જ્યારે રામમનોહર લોહિયાએ તે પક્ષની પુનઃરચના કરી.

સ્નાતક, ૧૯૪૮ માં મુબઈની એલિફિસ્ટન કોલેજ દ્વારા, બી. એ. ઓનર્સના વિષયો : ઈતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્ર; પી. એચ. ડી. ના નિબંધનુ શિર્ષક : હિન્દુસ્તાનના સંક્રાંતિકાળની કલાઓ, વીસમી સદી, બે ભાગ, ૧૪૫૦ પૃષ્ઠ; જે છાપ્યું પોપ્યુલર પ્રકાશને ૧૯૮૬-૮૮ ના વર્ષોમાં; જ્યેષ્ઠ સંશોધક, યુજીસી અને આઈસીએસએસઆર, દીલ્હી, ૧૯૭૬-૮૦; આમંત્રિત પ્રોફેસર, ફીલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટીટચુટ ઓફ ઈન્ડીયા, પુના; અને પંજાબ યુનિવર્સિટિ, ચંદીગઢ, ૧૯૮૦-૨; નિરિક્ષક, આટર્સ કાઉન્સીલ ઓફ ગ્રેટ બ્રિટન ૧૯૮૧; મહેમાન-પ્રોફેસર, ચાલ્મર્સ ઈન્સ્ટીટચુટ, ગોથેનબર્ગ, અને રોયલ ટેક્નીકલ ઈન્સ્ટીટચુટ, સ્ટોકહોમ, સ્વીડન, ૧૯૮૧; મહેમાન વિજ્ઞાનિક, સીએસઆઈઆર, દીલ્હી, ૧૯૮૦-૨; સલાહકાર, આઈએલઓ પ્રકલ્પ, પાલઘર, મહારાષ્ટ્ર, ૧૯૮૩-૮૫.

કલા, સ્થાપત્ય, સંગીત, નૃત્ય, નાટચ, અલચિત્ર અને સાહિત્યના ક્ષેત્રોના વિવેચક; અને મુંબઈ, વીએના, બર્લિન, બ્રસેલ્સ, ફ્રેંકફર્ટ, કાહીરા, લાગોસ, શીકાગો વગેરે સ્થળોના ટી.વી. અને રેડિઓ પરના પ્રચારક; અમદાવાદના *સંસ્કૃતિ*, મુંબઈ અને દીલ્હીના *ડીઝાઈન*, મુંબઈના *ટાઈમ્સ*, *ફ્રી પ્રેસ* અને *ઈન્ડીયન એક્સપ્રેસ;* કલકત્તાના *હિન્દુસ્તાન સ્ટેન્ડર્ડ;* મુંબઈના *ધર્મયુગ*, મુંબઈના *સમકાલીન;* વગેરે નિયતકાલિકાઓ ના વિવેચક અને લેખક.

વર્ધા ખાતે ગીતાઈ મંદીરના સ્થપતિ, ૧૯૬૫-૭૫

લોહિયાના અને સમાજવાદી પક્ષના મુખપત્ર મેનકાઈન્ડને પુનઃજીવીત કર્યું ૧૯૯૫ થી ૨૦૦૧, પુના ખાતે.

● મેનકાઈન્ડ માસિક ની અવારનવારના નિબંધોની ગ્રંથમાળા :

આ બધા અંગ્રેજીમાં

૧. પૃથ્વીના સમગ્ર પડ પર યુરોપીય ઘોળાઓનો ઓળો; જાન્યુઆરી ૨૦૦૪

૨. બીનદલાલી વૃતાંત : અંગ્રેજ શાહીવાદે ચલાવેલી હિન્દુસ્તાનની લૂંટ; નવેમ્બર ૨૦૦૪

૩. ૧૯૭૫ પછી વિશ્વમાં ત્રિપુટીનું અધિપત્ય; જુન ૨૦૦૫

૪. સાર્ક અને આસિયાને ૧૦° ઉત્તર રેખાંશની કા નહેર બાંધવી જોઈએ, જુલાઈ ૨૦૦૫

૫. એક છલ્લોછલ છલકાતા જીવનની કહાણી, ૧૯૨૭-૨૦૦૫, પ્રકરણ પહેલું :-
વિવરણની એક શરૂઆતની સમાલોચના, નોવ્હેંબર ૨૦૦૫

૬. એક છલ્લોછલ છલકાતા જીવનની કહાણી, ૧૯૨૭-૨૦૦૫, પ્રકરણ બીજું :-
જ્યારે અંગત જીવન રાષ્ટ્રના સામાજીક જીવન માં વિલિન થાય છે, જૂન ૨૦૦૬

૧૦. માછીમારીના ઉદ્યોગનો વિકાસ, યુરોપીયન દરિયાઈ સામરિક શક્તિનો ઉદય,
અને યુરોપની જાહોજલાલી : ૧૦૯૮-૨૦૦૫, માર્ચ ૨૦૦૭

૧૧. ત્રણ મામુલી ભૌગોલિક પ્રસ્તાવો, જૂન ૨૦૦૭

ગુજરાતીમાં

૭. કલાનો સર્વસામાન્ય સામાજીક ઉદભવ, ઉપભોગ અને ઉપયોગ, જુલાઈ ૨૦૦૬

૮. ભારતની ભૌગોલીક વિશિષ્ટતાઓ, સપ્ટેંબર ૨૦૦૬

૯. સરસ્વતીચંદ્ર - એક પુનર્મૂલ્યાંકન, જૂન ૨૦૦૭

● વિનાયક પુરોહિતના અન્ય પ્રકાશનો :

અંગ્રેજીમાં

ભારતના સંક્રાંતિકાળની કલાઓ : વિસમી સદી, બે ભાગ, ૧૪૫૦ પૃષ્ઠ,
પોપ્યુલર પ્રકાશન, મુમ્બઈ, ૧૯૮૬-૮૮

કલા અને રાજકારણનું સમાજશાસ્ત્ર, એક દસ પુસ્તિકાઓનો સેટ, ૧૯૮૯-૯૨

ભારતીય ચલચિત્રનું સમાજશાસ્ત્ર, ૧૯૯૦

ગુજરાતીમાં

સ્ટીલ ફ્રેમ, એક ત્રિઅંકી નાટક, ૧૯૯૧

ત્રિભેટો, એક ત્રિઅંકી નાટક, ૧૯૯૪

Purohit-Guj-03